પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૪-૦૪-૨૦૨૫- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૦૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# પોરબંદરના દરિયામાંથી રૂ. ૧૮૦૦ કરોડનું ડ્રગ ઝડપાયુ

## કોસ્ટગાર્ડ અને ગુજરાત એટીએસનું મોટું ઓપરેશન : મોડી રાત્રીએ પોરબંદરથી ૧૯૦ કિ.મી દુર મધદરિયે પાકિસ્તાની બોટને આંતરી ૩૦૦ કિલો મેફેડ્રોન ઝડપી પડાયું

પોરબંદર, તા. ૧૪

ગુજરાતના દરિયામાંથી અવારનવાર નશીલા પદાર્થ ઝડપાતા હોય છે. અરબી સમુદ્ર માર્ગે નશીલા પદાર્થનો કાળો કારોબાર કરનારા સુરક્ષા એજન્સીના સકંજામાં આવી જાય છે. ત્યારે, વધુ એક વખત ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવામાં ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG) અને ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કોવડે પોરબંદરથી ૧૯૦ કિલોમીટર દૂર દરિયામાં આ ઓપરેશન હાથ ધરાયું હતું.

આ કાર્યવાહીમાં રૂપિયા ૧૮૦૦ કરોડનો ૩૦૦ કિલોગ્રામ નશીલો પદાર્થ જપ્ત કરવામાં આવ્યો છે. કોસ્ટ ગાર્ડની શીપને જોઈને, પાકિસ્તાની બોટના ચાલકો ડ્રગ્સને દરિયાના પાણીમાં ફેંકીને ભાગી ગયા




હતા. જે બાદ કોસ્ટ ગાડે પાણીમાંથી ડ્રગ્સનો જથ્થો બહાર કાઢ્યો હતો. આ ઓપરેશન ૧૨- ૧૩ એપ્રિલે હાથ ધરાયું હતું. ICGએ પોતાના જહાજો-વિમાનોને તહેનાત કર્યા હતા ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG) અને ગુજરાત ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ(ATS) એ એક મોટું ઓપરેશન હાથ ધર્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે અરબી સમુદ્રમાં ૧૮૦૦ કરોડનું ડ્રગ્સ ભરેલી બોટ જપ્ત કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન, ૩૦૦ કિલો મેફેડ્રોન (MD) ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. આ માહિતીના આધારે શરૂ કરાયેલા આ ઓપરેશનમાં ICG એ પોતાના જહાજો અને

અનુસંધાન પાના ૭ પર



# આવતી કાલથી અમરનાથ યાત્રા માટે એડવાન્સ રજીસ્ટ્રેશન શરૂ

### દેશભરની ચાર બેન્કોની ૫૩૩ શાખાઓમાં રજિસ્ટ્રેશન કરી શકાશે

જમ્મુ, તા. ૧૪

બાબા અમરનાથની યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ રહી છે, જે ૩૮ દિવસ ચાલશે અને રક્ષાબંધનના દિવસે ૯ ઓગષ્ટે સંપન્ન થશે. બાબા અમરનાથની વાર્ષિક યાત્રા માટે દેશભરમાં ચાર બેન્કોની ૫૩૩ શાખાઓમાં એડવાન્સ રજીસ્ટ્રેશન (અગાઉથી નોંધણી)ની તૈયારી પુરી થઈ ગઈ છે. એડવાન્સ રજિસ્ટ્રેશન આજથી એટલે કે ૧૪ એપ્રિલથી શરૂ થવાનું હતું પણ સરકારી રજાના કારણે આવતીકાલે મંગળવારથી શરૂ થશે. ચાર બેન્કોની ૫૩૩ શાખાઓમાં રજીસ્ટ્રેશન થશે. જેમાં પંજાબ નેશનલ બેન્કની ૩૦૯ શાખાઓ, જમ્મુ-કાશ્મીર બેન્કની ૯૧ શાખાઓ યસ બેન્કની ૩૪ શાખાઓ અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની ૯૯ શાખાઓમાં રજીસ્ટ્રેશન થશે. જમ્મુ-કાશ્મીરમાં આ બેન્કોની ૨૦ શાખાઓમાં રજિસ્ટ્રેશન થશે. યાત્રાના બન્ને માર્ગો પહેલગામ અને બાલટાલથી રજીસ્ટ્રેશન કરવામાં આવશે. જે માટે અલગ અલગ રંગનું રજીસ્ટ્રેશન થશે. રજીસ્ટ્રેશન પહેલાની જેમ આધાર આધારિત બાયોમેટ્રીક રીતે થશે. જેની ફી ૧૫૦ રૂપિયા હશે.

આ ઉપરાંત રજિસ્ટ્રેશન માટે સ્વાસ્થ્ય પ્રમાણપત્ર ફરજીયાત છે. જેના માટે દેશભરમાં રાજયો અને કેન્દ્ર શાસીત રાજયોમાં ડોકટરો અને ચીકીત્સા કેન્દ્રોની યાદી જાહેર કરી દીધી છે. મોબાઈલ નંબર પણ જાહેર કરાઈ છે. જેથી શ્રદ્ધાળુઓને કોઈ પરેશાની ન થાય.

# દેશના મોટા ભાગના રાજ્યોમાં તાપમાનમાં સતત વધારો થશે

### મધ્યપ્રદેશ-છત્તીસગઢ સહિત ૨૨ રાજયોમાં વાવાઝોડું અને વરસાદનું એલર્ટ

નવી દિલ્હી, તા. ૧૪

સોમવારે હવામાન વિભાગે મધ્યપ્રદેશ- છત્તીસગઢ સહિત ૨૨ રાજ્યોમાં વાવાઝોડું અને વરસાદનું એલર્ટ આપ્યું છે. ઝારખંડના કેટલાક વિસ્તારોમાં કરા પડી શકે છે, જ્યારે ઓડિશામાં વીજળી પડવાની શક્યતા છે. રાજસ્થાન-તેલંગાણાના કેટલાક વિસ્તારોમાં હીટવેવ અને ગુજરાતમાં ગરમી પડી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ અઠવાડિયે પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન અને જમ્મુ અને કાશ્મીરમાં તાપમાનમાં ૩ થી ૫ ડિગ્રીનો વધારો થઈ શકે છે. તેમજ, સોમવારથી રાજસ્થાનના પશ્ચિમી જિલ્લાઓમાં ગરમીનો નવો તબક્કો શરૂ થશે.

આનાથી તાપમાનમાં ૪ થી ૬ ડિગ્રીનો વધારો થઈ શકે છે. જોધપુર, બિકાનેર અને શેખાવતી વિભાગોમાં તીવ્ર ગરમીની શક્યતા છે. આ દરમિયાન, પાકિસ્તાન સરહદ નજીકના વિસ્તારોમાં તાપમાન ૪૬ ડિગ્રી સુધી જઈ શકે છે. દિલ્હી-એનસીઆરના લોકોને ફરીથી ૪૦ ડિગ્રી ગરમીનો સામનો કરવો પડશે. છેલ્લા કેટલાક દિવસોમાં વાવાઝોડા અને વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો. સોમવારે તાપમાન ૩૯ ડિગ્રીની આસપાસ રહેશે, જ્યારે મંગળવારે તે ૪૦ ડિગ્રીને પાર કરશે. ૧૬ થી ૧૮ એપ્રિલ દરમિયાન દિલ્હી-એનસીઆરમાં ભારે ગરમી પડી શકે છે. હવામાન વિભાગે આ ત્રણ દિવસ માટે હીટવેવનું યલો એલર્ટ આપ્યું છે. આ દરમિયાન તાપમાન ૪૧ ડિગ્રી સુધી રહી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૫ વર્ષમાં આ બીજી વખત છે જ્યારે દિલ્હીના

અનુસંધાન પાના ૭ પર

# આતંકવાદી તવ્વહુર રાણા હાપડ, આગ્રા પણ ગયો હતો

### તવ્વહુર રાણાના સાળા અકબરની પણ પુછપરછ કરાશે

નવી દિલ્હી, તા. ૧૪

૨૬/૧૧ હુમલાના આરોપી તહવ્વુર રાણાની દિલ્હીમાં એનઆઈએની પુછપરછમાં નવા નવા ખુલાસા થઈ રહ્યા છે અને તે નવે. ૨૦૦૮માં આ મુંબઈ હુમલા પુર્વે પશ્ચિમી ઉતરપ્રદેશના હાપુડ પણ ગયો હોવાનું ખુલતા જ આ સ્થળે રાણાના 'સાળા' મનાતા રાણા અકબરની પણ હવે પુછપરછ થશે.

રાણાએ તેની સાથેની જે મહિલાને પત્ની બતાવી હતી તે ખરેખર તેન પત્ની જ હતી કે અન્ય કોઈ તેની પણ તપાસ શરુ થઈ છે. બીજી તરફ તે હાપુડમાં થોડા કલાક રોકાયા બાદ આગ્રા ગયો હતો. પોતે તેના પુરા પશ્ચિમી ઉતરપ્રદેશના કનેકશનની તપાસ થશે અને તે જેને મળ્યો હોવાનું કહેવાય છે. તેમાં હવે કેટલા મોજૂદ છે અને તેઓને શું ૨૬/૧૧ના મુંબઈ હુમલાની જાણકારી હતી કે કેમ તે પણ તપાસ કરવામાં આવી રહી છે. બીજી તરફ રાણાના હવે વોઈસ સેમ્પલ લેવાશે. ખાસ કરીને મુંબઈ હુમલા પુર્વે અને પછી તે અમેરિકન ત્રાસવાદી ડેવિડ હેડલીની સાથે સંપર્કમાં હતો તો બીજી તરફ તે આકર્ષે છે. લશ્કરે તોયબાના સાથે આકાઓ સાથે પણ

અનુસંધાન પાના ૭ પર

# અભિનેતા સલમાન ખાનને મારી નાંખવા વધુ એક ધમકી

### સલમાનને ઘરમાં ઘુસી-કાર બોંબથી ઉડાવી દેવાની ધમકી મળતા તપાસ શરૂ

મુંબઈ, તા. ૧૪

બોલીવુડના અભિનેતા સલમાન ખાનને મારવા અને કાર બોંબથી ઉડાવી દેવાની ધમકી મળતા જ ફરી એકવાર પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

અગાઉ પણ બીશ્નોઈ ગેંગની ધમકીનો સામનો કરી રહેલા અને હાલ ભારે સુરક્ષા વચ્ચે રહેલા સલમાન ખાનને આ ધમકી મુંબઈમાં વર્લી ટ્રાન્સપોર્ટ વિભાગના



વોટસઅપ પર મળી અને અને તેમાં અત્યંત ડરાવનારો સંદેશ અપાયો હતો. આ વ્યકિતએ સલમાન ખાનને ઘરમાં ઘુસીને ઠાર મારવાની ધમકી આપતા જ પોલીસે તે અંગે તપાસ શરૂ કરી છે અને વોટસએપ નંબર પરથી ધમકી આપનારનું પગેરૂ મેળવાશે.

# બેંક ફ્રોડનો સુત્રધાર ભારતનો ભાગેડુ મેહુલ ચોકસીની બેલ્જીયમમાં ધરપકડ

## પ્રત્યાપર્ણ દ્વારા મેહુલ ચોકસીને ભારત લાવવા સરકાર દ્વારા તૈયારીઓ શરૂ

નવી દિલ્હી, તા. ૧૪

અમેરિકાથી ૨૬/૧૧ના હુમલાના માસ્ટર માઈન્ડ તહવ્વુર રાણાને પ્રત્યાર્પણથી ભારત લાવીને હવે તેનો 'ન્યાય' મળશે અને ત્યારબાદ સામેના જંગમાં આ એક મહત્વની સફળતા મળી છે તે સમયે દેશના બેન્કીગ અને ડાયમન્ડ બન્ને ક્ષેત્રને હચમચાવનાર પંજાબ નેશનલ બેન્કમાં સર્જેલા બેન્ક ગેરેન્ટી કાંડના ભાગેડુ મામા-ભાણેજ મેહુલ ચોકસી અને નિરવ મોદીની જોડીના 'મામા' મેહુલ ચોકસની હિરાની દુનિયાના પાટનગર બેલ્જીયમથી જ



ઝડપી લેવાયો છે અને તેને હવે પ્રત્યાર્પણ મારફત ભારત લઈ આવવા તૈયારી છે.

અગાઉ નાણાના જોરે કેરેબીયન ટાપુ રાષ્ટ્ર એન્ટીગુઆ તથા બારબુડાની નાગરિકતા હાંસલ કરી પોતાને સલામત સમજનાર મેહુલ ચોકસી પોતાના સ્વાસ્થ્યના ઈલાજ માટે બેલ્જીયમ પહોંચ્યો હોવાના ખબર બાદ તેની સામે મુંબઈની અદાલતોના ૨૩ મે ૨૦૧૮ અને ૧૫ જૂન ૨૦૨૧ના બે ધરપકડ વોરન્ટ સાથે ખાસ ટીમ બેલ્જીયમ પહોંચી હતી.

અનુસંધાન પાના ૭ પર

# હવાઈ યાત્રામાં બોર્ડીંગ તથા ચેક ઈન ટકમાં ખતમ થઈ જશે

### આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન બનાવી રહ્યું છે નવી યોજના

નવી દિલ્હી, તા. ૧૪

વિમાન યાત્રીઓએ ઉડાન ભરતા પહેલા પોતાના બોડ'ગ પાસને હવે સ્કેન કરવા કે ચેક ઈન કરવાની જરૂર નહિં પડે. આથી યાત્રીઓને ઝડપથી મુકિત મળી શકે છે.

સંયુકત રાષ્ટ્ર નિગમ આંતર રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (આઈસીએઓ) હહવાઈ યાત્રાની પદ્ધતિઓમાં ફેરફારની યોજના બનાવી રહ્યું છે. જે અંતર્ગત પુરી યાત્રાને ડિઝીટાઈઝ કરવામાં આવશે. પૂરી દુનિયામાં આ ફેરફાર લાગુ થશે. રિપોર્ટ મુજબ આઈસીએઓ 'ડિઝીટલ ક્રેડેન્સિયલ'ની શરૂઆતનાં માધ્યમથી વિમાન મથક અને એરલાઈનો માટે હાલમાં નિયમો બદલવાની યોજના તૈયાર કરી રહ્યું છે. હવે યાત્રી પોતાનાં પાસપોર્ટને ફોન પર અપલોડ કરી શકશે અને વેરિફિકેશન માટે માત્ર પોતાના ચહેરાનો ઉપયોગ કરીને યાત્રા કરી શકશે.

જોકે હવાઈ મથકોએ પાસપોર્ટ ફોટો અને લોકોના ચહેરાને સ્કેન કરવા માટે ફેસિયલ રેકગ્નાઈઝેશન ટેકનિક સ્થાપિત કરવી પડશે. હાલ

અનુસંધાન પાના ૭ પર

# કોંગ્રેસ બંધારણની ભક્ષક છે : વડાપ્રધાન

## હરિયાણામાં હિસાર એરપોર્ટનું ઉદ્‌ઘાટન કરતા વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા. ૧૪

નરેન્દ્ર મોદી આજે હરિયાણાની મુલાકાતે છે. તેમણે હરિયાણાના પ્રથમ એરપોર્ટ હિસારથી હિસાર-અયોધ્યા ફ્લાઇટને લીલી ઝંડી આપી હતી. તેમજ, બટન દબાવીને નવા ટર્મિનલનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

પીએમ મોદીએ કહ્યું- "આજે હરિયાણાથી અયોધ્યા ધામ સુધી ફ્લાઇટ્સ શરૂ થઈ ગઈ છે. આનો અર્થ એ થયો કે હવે શ્રી કૃષ્ણજીની પવિત્ર ભૂમિ, હરિયાણા સીધી શ્રી રામજીની ભૂમિ સાથે જોડાઈ ગઈ છે. હવે ચપ્પલ પહેરતો માણસ પણ વિમાનમાં મુસાફરી કરશે." કોંગ્રેસ બંધારણની ભક્ષક છે. તેણે ડો. ભીમરાવ આંબેડકરનું અપમાન કર્યું. તેમને બે વાર ચૂંટણીમાં હરાવ્યા હતા. આ પહેલા હિસાર એરપોર્ટ પર પહોંચતા, મુખ્યમંત્રી નાયબ સૈનીએ કમળના ફૂલો અને હરિયાણી પાઘડી પહેરાવીને પીએમનું સ્વાગત કર્યું હતું. પ્રદેશ પ્રમુખ મોહન લાલ બારોલીએ તેમને ડૉ. ભીમરાવ આંબેડકરની પ્રતિમા અર્પણ કરી હતી. અહીંથી પીએમ બપોરે ૧૨:૩૦ વાગ્યે યમુનાનગર જશે. તેઓ ત્યાં ૮૦૦ મેગાવોટના થર્મલ પાવર પ્લાન્ટનો શિલાન્યાસ કરશે. તેઓ અહીં જાહેર સભાને



પણ સંબોધન કરશે. અગાઉ ૯ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ, પીએમ મોદી પાણીપત આવ્યા હતા, જ્યાં તેમણે ભારતીય જીવન વીમા નિગમ (LIC) ની વીમા સખી યોજના શરૂ કરી હતી. પીએમ મોદીએ કહ્યું, "મિત્રો, દેશભરમાં વકફના નામે લાખો હેક્ટર જમીન છે. આ જમીનનો લાભ ગરીબ, લાચાર મહિલાઓ અને બાળકોને મળવો જોઈતો હતો. આજે તેનો ઉપયોગ પ્રામાણિકપણે થયો હોત તો મુસ્લિમોને સાયકલના પંચર કરવાના જરૂર ન પડત. આનો ફાયદો ફક્ત જમીન માફિયાઓને જ થયો. આ માફિયાઓ આ કાયદા દ્વારા ગરીબોની જમીન લૂંટી રહ્યા હતા. સેંકડો વિધવા મુસ્લિમ મહિલાઓએ ભારત સરકારને પત્રો લખ્યા, ત્યારે જ સરકારે આ ફેરફાર કર્યો. અમે ખૂબ સારું કામ કર્યું છે, અમે આ વકફ કાયદામાં બીજી જોગવાઈ કરી છે. નવા કાયદા હેઠળ, આ વક્ફ બોર્ડ ભારતના કોઈપણ ખૂણામાં કોઈપણ આદિવાસીની જમીન કે આદિવાસી ઘરને કોઈ હાથ પણ લગાવી શકશે નહી. અમે આદિવાસીઓના હિતોનું રક્ષણ કરવાનું ઉત્તમ કાર્ય કર્યું છે. નવી જોગવાઈઓ વકફની પવિત્ર ભાવનાનું પણ સન્માન કરશે. ગરીબ પરિવારો, મુસ્લિમ સમુદાયની મહિલાઓ, ખાસ કરીને મુસ્લિમ વિધવાઓને તેમના અધિકારો મળશે. તેમનું ભવિષ્ય સુરક્ષિત રહેશે. ૨૦૧૪ પછી, બાબા સાહેબના વિચારો લોકો સુધી પહોંચાડવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા.

# બલુસ્તિાનમાં ચીન બાદ અમેરિકા પણ એન્ટ્રી કરશે

### બળવાખોરો દ્વારા થતા હુમલાઓને રોકવા પાક.ની યોજના

નવી દિલ્હી, તા. ૧૪

પાકિસ્તાન તેના સૌથી મોટા પ્રાંત બલુચિસ્તાનમાં બળવાખોરીનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં તે હવે આ ક્ષેત્રમાં અમેરિકાની એન્ટ્રી મેળવવાની યોજના બનાવી રહ્યું છે. પાકિસ્તાની આર્મી ચીફ અસીમ મુનીરે અમેરિકાને માઈનિંગ લીઝ આપવાની યોજના બનાવી છે. તેમનો ઉદેશ્ય અબજો ડોલરના ખનિજ સંસાધનોના ખાણકામ તેમજ બલૂચ બળવાખોરો દ્વારા થતા હુમલાઓને રોકવાનો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પાકિસ્તાનની શાહબાઝ સરકાર અને સેના માને છે કે જો અમેરિકા આ ??ક્ષેત્રમાં રોકાણ કરશે તો બલૂચ હુમલાઓ ઓછા થશે. અને જો હુમલા થાય છે, તો તે અમેરિકા જ છે જે બલૂચ બળવાખોરો સાથે વ્યવહાર કરશે અને તેમના રોકાણોનું રક્ષણ કરશે. એક લશ્કરી સૂત્રએ ભાસ્કરને જણાવ્યું હતું કે સેના માને છે કે અમેરિકાના પ્રવેશનો અર્થ ફક્ત ડોલર જ નહી પણ ડ્રોન પણ થશે. આનાથી બળવો કચડી નાખવાનું સરળ બનશે. આ સોદા અંગે, યુએસ બ્યુરો ઓફ સેન્ટ્રલ એશિયા અફેર્સના વરિષ્ઠ અધિકારી એરિક મેયરે તાજેતરમાં ઈસ્લામાબાદમાં પાકિસ્તાન સેના અને સરકારી અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આમાં, સોદાને અંતિમ સ્વરૂપ આપવા માટે એક કરાર થયો છે.

છેલ્લા ૫ વર્ષમાં પાકિસ્તાનની ચીન પર નિર્ભરતા સતત વધી છે. ૨૦૧૯ થી ૨૦૨૩ ની વચ્ચે, પાકિસ્તાનની લગભગ ૮૧% શસ્ત્રોની આયાત ચીનથી થઈ હતી. આ ઉપરાંત પાકિસ્તાન લોન માટે પણ ચીન પર નિર્ભર છે. રિપોર્ટ અનુસાર, છેલ્લા ૩ વર્ષમાં વિદેશો પાસેથી લેવામાં આવેલી કુલ લોનમાંથી ૭૨% લોન પાકિસ્તાને ચીન પાસેથી લીધી છે.

ચીન સાથેની વધતી મિત્રતા

અનુસંધાન પાના ૭ પર



યુગ પુરુષ ભારતરત્ન ડો.બાબા સાહેબ આંબેડકર જયંતિ સંદર્ભે ગઈકાલે રવિવારના રોજ સૈયદપુરા પ્રણામી મંદિર પાછળ આવેલા ડો.બાબા સાહેબ આંબેડકર ગાર્ડનમાં બાબા સાહેબની પ્રતિમાને સ્વચ્છ કરવાના આયોજીત કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ પરેશભાઈ પટેલ, અન્ય અગ્રણીઓ ઉપરાંત સ્થાનિક વોર્ડના કોર્પોરેટરો રાકેશભાઈ માળી, કિશોરભાઈ મચાણી, શ્રીમતિ આરતી હેનિસ પટેલ, શ્રીમતિ હેમલતા ભૂપેન્દ્ર રાવતકા, વોર્ડ પ્રમુખ કૃણાલ વ્યાસ, વોર્ડ મહામંત્રી વિજયભાઈ મોદી, બિપીન જે. પટેલ વગેરે પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમ ભાજપ એસ.સી. મોરચા દ્વારા આયોજીત કરાયો હતો.

# શહેર ભાજપ દ્વારા ડો.બાબા સાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલી

## બાબા સાહેબ આંબેડકર ઉધનામાં એસસી મોરચા દ્વારા કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૪

ડો. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૪ મી જન્મ જયંતિ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર એસ સી મોરચા અધ્યક્ષ શ્રી હેમંતભાઈ ભગતના માર્ગદર્શન હેઠળ નવી ચાલી, પ્રણામી મંદિરની ગલીમાં, સૈયદપુરા ખાતે .ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાની સાફ સફાઈ, પુષ્પાંજલિ અને દીપોત્સોવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો .

ઉપરોક્ત પ્રસંગે કમળની રંગોળી બનાવવામાં આવી હતી તથા સફાઈ કાર્યકર્તાઓનું સન્માન કરવામાં આવ્યું હતું . જેમાં સુરત શહેર પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ , મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ , શ્રી કાળુભાઈ ભીમનાથ , સુરત શહેરના સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ , સુરત શહેર મેયર દક્ષેશ માવાની , ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્ર પાટીલ , સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી રાજન પટેલ , શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી , સુરત ભાજપા સંગઠનનાં કોષાધ્યક્ષ શ્રી શૈલેષ જરીવાલા તથા અન્ય હોદ્દેદારશ્રીઓ , નગરસેવકશ્રીઓ , સુરત એસ સી મોરચાના કાર્યકર્તાશ્રીઓ , શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

# ચેક રિટર્ન કેસમાં ઝીંગા વેપારી ભાવેશ પટેલનો નિર્દોષ છુટકારો

## લેણી રકમ અંગે યોગ્ય પુરાવા રજૂ નહીં કરતા કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવ્યો

સુરત, તા.૧૪

ઝીંગા ઉછેરના માલ સામાનની ચૂકવણી પેટે આપેલા ચેક રિટર્ન કેસમાં ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતા વલસાડના ઝીંગા વેપારી ભાવેશ પટેલને કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો. વેસુ મેઈન રોડ આબવા ગામ દુકાન મોહલ્લામાં ચિરાગ વિનોદ પટેલ પરિવાર સાથે રહે છે ચિરાગ પટેલ દિવ્યા એકવાના નામથી નવસારી ખાતે ઝીંગા ઉછેર કેન્દ્ર માટે દવા, બીયારણ, ચારો, ઓકસીજન વિગેરે વેચાણ કરે છે. ઝીંગા ઉછેર કેન્દ્ર ચલાવતા ભાવેશ ઠાકોર પટેલ (રહે.ભાગળ રોડ વલસાડ)એ ચિરાગ પટેલ પાસેથી ઝીંગા ઉછેર કેન્દ્ર માટે ઉદારીમાં માલ ખરીદ્યો હતો. માલની ચુકવણી પેટે ચિરાગ પટેલને ભાવેશ કુમારે ૩.૮ લાખનો ચેક આપ્યો હતો જે ચેક રિટર્ન થતા ચિરાગ પટેલે ભાવેશ પટેલ સામે ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. આરોપી ભાવેશ પટેલ તરફે વકીલ રિધ્ધિશ મોદી, મુકુંદ રામાણી અને દિયા પટેલ હતા. આ ચેક રિટર્ન કેસમાં ફરિયાદ પક્ષ તેઓના કેસ મુજબ ચેકની લેણી રકમ આરોપી પાસે કાયદેસર રીતે વસૂલી શકાય તેવી લેણી રકમ હોવા અંગે સચોટ અને વિશ્વસનીય પુરાવો રજૂ કરી શક્યો ન હતો. કોર્ટે ભાવેશ પટેલને નિર્દોષ જાહેર કર્યો હતો.

# ખેરગામમમાં બાંધકામના સ્થળેથી સામાન ચોરાયો

ખેરગામ, તા.૧૪

ખેરગામ તાલુકાના વાડ ઊંચાબેડા આંબા ફળિયા ખાતે ખેરગામના સીદીક શેખ દ્વારા જમીન વેચાણથી લઈ તેમાં સ્વિમિંગ પુલ બનાવવાનું કામ ચાલુ કર્યું હતું.જે કામ કોન્ટ્રાકટરને આપતા તેમના પ્લંબર પલંબિંગનું કામ સ્થળ ઉપર ચાલી રહ્યું હતું.જેના માટે તેમણે પલમ્બીગનો સામાન તથા બાટમ પટ્ટી તથા ટોઈલેટનો ટબ વિગેરે સામાન સ્થળ પર રાખ્યો હતો,આ દરમ્યાન પ્લંબર હિતશભાઈ પટેલ કામ કરવા માટે સ્થળ પર પહોંચતા તેમણે રાખેલો સમાન ત્યાં દેખાય ન આવતા

આ સમાન સ્થળ ઉપરથી ચોરાઈ ગયો હોવાની માલુમ થતા તેમણે જમીન માલિકને આ બાબતની જાણ કરતા તે સ્થળ પર જઈ તપાસ કરી તો પલમ્બીગનો સામાન તથા બાટમ પટ્ટી તથા ટોઈલેટનો તબ વિગેરે સામાન સ્થળ પરથી ચોરાઈ ગયો હતો.જેની કિંમત આશરે રૂ.૧૬૦૦૦ જેટલી હોય સીદીક શેખે આ મામલે ખેરગામ પોલીસ મથકે ફરિયાદ અરજી આપી

અનુસંધાન પાના ૭ પર



# ૧૪ પ્રાથમિક શાળાના ૯ ભવનોનું ખાતમુહૂર્ત કરતા કેન્દ્રીય મંત્રી પાટીલ

## જુદા જુદા માધ્યમના ૫૩૮૧ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધા મળશે

સુરત, તા.૧૪

આજરોજ માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય શ્રી સી.આર.પાટીલના પ્રમુખપદે ,માન. મંત્રી રમતગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ,વાહનવ્યવહાર, ગૃહ રક્ષણ દળ અને ગ્રામ રક્ષક દળ,નાગરિક સંરક્ષણ, જેલ,સરહદી સુરક્ષા(તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીગ,ઉધ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ (રા.ક) શ્રી હર્ષભાઇ સંઘવી, માન.મંત્રી સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા, માન. સંસદસભ્ય શ્રી મુકેશભાઇ દલાલની ઉપસ્થિતિમાં અને માન.મેયર દક્ષેશ માવાણીના વરદહસ્તે ૧૪ પ્રાથમિક શાળાઓના ૦૯ ભવનોનુ ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવ્યુ.

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શાળાના ૧૪ પ્રાથમિક શાળાઓના ૦૯ ભવનોના નિર્માણથી ગુજરાતી,હિન્દી, ઉર્દુ, ઉડિયા માધ્યમમાં કુલ ૫૩૮૧ વિદ્યાર્થીઓ શિક્ષણની સુવિધાનો લાભ મેળવશે. આજરોજ માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય શ્રી સી.આર.પાટીલના પ્રમુખપદે ,માન. મંત્રી રમતગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ,વાહનવ્યવહાર, ગૃહ રક્ષણ દળ અને ગ્રામ રક્ષક દળ,નાગરિક સંરક્ષણ, જેલ,સરહદી સુરક્ષા(તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીગ,ઉધ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ (રા.ક) શ્રી હર્ષભાઇ સંઘવી, માન.મંત્રી સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા, માન. સંસદસભ્ય શ્રી મુકેશભાઇ દલાલની ઉપસ્થિતિમાં અને માન.મેયર દક્ષેશ

અનુસંધાન પાના ૭ પર

# શનિ-રવિમાં નર્મદા પરિક્રમા કરવા હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા

## સહયોગ આપવા વહીવટી તંત્રનો અનુરોધ

સુરત, તા.૧૪

નર્મદા જિલ્લામાં ચૈત્ર માસમાં યોજાતી પરિક્રમા છેલ્લા ૧૫ દિવસથી શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહી છે અને હવે ૧૫ દિવસ પરિક્રમાને બાકી છે ત્યારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભક્તો પરિક્રમા કરી રહ્યા છે. નર્મદા પરિક્રમાના દરેક ઘાટ પર વ્યવસ્થા-સુવિધા પરિક્રમાવાસીઓ માટે ઉપલબ્ધ છે અને લાઈટ, પાણી, બેસવાની નાવડીની સુવિધા સ્નાન, ટોયલેટ, રસ્તાની સાફ સફાઈ પાર્કિંગ અને સેવા કેન્દ્રો તથા SDRFની ટીમો પણ કાર્યરત છે પોલીસ દ્વારા સલામતી આરોગ્યની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે પરિક્રમા કરવા લોકો નાના મોટા વાહનો પણ લઈને આવે છે. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન તથા અન્ય રાજ્યમાંથી પણ આ પરિક્રમા કરવા શ્રદ્ધાળુ આવે છે. નર્મદા જિલ્લા કલેકટર શ્રી એસ.કે. મોદી દ્વારા શ્રદ્ધાળુઓ ભક્તજનોને નમ્ર અપીલ કરવામાં આવે છે કે, શનિ-રવિ તેમજ જાહેર રજામાં લોકોનો ઘસારો જોવા મળે છે. તેના પગલે ભક્તો શ્રદ્ધાળુઓને જાહેર રજા કરતા ચાલુ દિવસોમાં પરિક્રમા કરવા અપિલ કરવામાં આવે છે. ચાલુ દિવસો દરમ્યાન આવો તો આપની સેવા અને સુવિધા સારી રીતે કરી શકીએ અને આપની પરિક્રમા સુખદ, શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને વહીવટી તંત્ર આપની સુવિધા માટે સજ્જ છે. રાત્રી સમયે કે વહેલી સવારે યાત્રા કરો તો ગરમી તડકાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત પણ નહીં થાય તેમ પણ જણાવ્યું છે. નર્મદામૈયાની કૃપા સૌના ઉપર બની રહે, સૌને સુખ-સમૃદ્ધિ અર્પે તેવી પણ કામના કરું છું. આમ, સુખરૂપ રીતે સારી રીતે યાત્રા કરીને સૌ ભક્તો, શ્રદ્ધાળુઓ જાય તે અમારો ઉદ્દેશ અને લક્ષ્ય છે આ પરિક્રમાને ભક્તો શ્રદ્ધાળુઓ ખૂબ પ્રશંસા અને સુવિધાઓની સરાહના પણ કરે છે. વહીવટીતંત્રના કર્મયોગીઓ પણ આપની સેવામાં સતત ખડે પગે તૈયાર છે. સાથ-સહકારથી શાંતિપૂર્ણ રીતે યાત્રા કરો ને જાવ તેવી સૌ પરિક્રમાવાસીને અનુરોધ છે.




# ખેરગામ તાલુકામાં ઠેરઠેર હનુમાન જન્મોત્સવ ઉજવાયો

ખેરગામ, તા.૧૪

ખેરગામ તાલુકાના દરેક ગામોમાં પવનપુત્ર હનુમાનજીના મંદિરો માં શનિવારના દિવસે ચૈત્રી પૂનમ હોવાથી રામદૂત હનુમાનજીનો પ્રાગટ્ય ઉત્સવ ખૂબ જ ભક્તિ ભાવથી ઉજવવામાં આવ્યો. યજ્ઞ સુંદરકાંડ પાઠ ભજન અને મહાપ્રસાદનું આયોજન થયું.

ખેરગામ મોચીવાડના હનુમાન મંદિરમાં યજ્ઞ સંપન્ન થયા પછી મહાપ્રસાદનું સુંદર આયોજન સ્થાનિક ભક્તોએ કર્યું હતું. ભૈરવી ગામના હનુમાન ફ. સ્થિત વાયુપુત્ર મંદિરે ૧૧ માં રુદ્ર અવતાર હોય ૧૧ દંપતિએ સત્યનારાયણની કથા પૂજા કરી ગામના લોકોએ મહાપ્રસાદ લીધો હતો.

પણંજમાં હનુમાનજી નો ૨૫મો પાટોત્સવ ઉજવાયો. બજરંગ યુવક મંડળ પણંજ દ્વારા ૨૪ વર્ષથી દાદાનો જન્મ ઉત્સવ ઉજવાય છે આ વર્ષ ૨૫ મી રજત જયંતિ નિમિતે હનુમંત યજ્ઞ જ્યોતિષાચાર્ય શૈલેષભાઇ રાજયગુરુના સાનિધ્યમાં મા માક્ષિત રાજયગુરુ દ્વારા નાની કોલવાડ ખાતે બિરાજેલા હાજરા હજુર હનુમાન સમક્ષ કર્યો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ યજ્ઞ પૂજા નો લાભ લીધો હતો.અંતમાં હનુમાનજી ની આરતી કરી ભક્તોએ મહાપ્રસાદ લીધો હતો.

# સુરતમાં શ્રીપીપાજી મહારાજ જન્મ જયંતિની ભવ્ય ઉજવણી

## શ્રી પીપા ક્ષત્રિય સમાજ દ્વારા રૂસ્તમપુરા ખાતે કાર્યક્રમ યોજાયો



સુરત, તા.૧૪

શ્રી પીપા ક્ષત્રિય સમાજ મિત્ર મંડળ સુરત દ્વારા શનિવારે રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ ખાતે સંત શ્રી પીપા જી મહારાજની ૭૦૨મી જન્મજયંતિ અને હનુમાન જી મહારાજની જન્મજયંતિની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે હનુમાન ચાલીસાના પાઠ, સંત શ્રી પીપાજીના ભજન, પૂજા, સૂત્રોચ્ચાર અને આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં, સમાજની મહિલાઓ અને બાળકોએ હાથમાં "દીકરીઓ બચાવો, દીકરીઓને ભણાવો" ના નારા પકડીને સંદેશ આપ્યો. તેમણે સમાજમાં બેટી બચાવો વિશે જાગૃતિ લાવવાનું આહ્વાન કર્યું. મિત્ર મંડળના સ્થાપક ઓમપ્રકાશ ગોયલે તમામ સભ્યોને સમાજને મજબૂત બનાવવામાં યોગદાન આપવા હાકલ કરી. તેમણે સંત શ્રી પીપાજીના જીવનચરિત્ર પર પ્રકાશ પાડ્યો અને ગુરુદેવના પગલે ચાલવા વિનંતી કરી. પ્રમુખ ઓમપ્રકાશ બડગુજરે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે તેઓ સમાજના કલ્યાણ માટે કામ કરશે. તેમણે બધાને સાથે આવવા અને સમાજને આગળ વધારવા વિનંતી કરી. ઉપપ્રમુખ શ્રી પાલ ચૌહાણ, મંત્રી બનવારી દૈયા અને ખજાનચી શ્યામ ચૌહાણે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. સમાજના અગ્રણીઓ, શંકરલાલ તક, મેઘરાજ ગોયલ,

અનુસંધાન પાના ૭ પર



# સુરત આવેલા કેન્દ્રીય મંત્રી સાથે બિહારીઓની સમસ્યા અંગે ચર્ચા

## રેશનકાર્ડ, આધારકાર્ડ વગેરે સમસ્યા સંદર્ભે રજૂઆત

સુરત, તા.૧૪

ગઈકાલે, ૧૨.૦૪.૨૦૨૫, શનિવારના રોજ, સુરતમાં એક ભારત શ્રેષ્ઠ ભારત અભિયાન અંતર્ગત બિહાર સ્થાપના દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં, સુરત આવેલા માનનીય કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી, ભારત સરકાર, માનનીય શ્રી નિત્યાનંદ રાયજી સાથે સુરતમાં રહેતા સ્થળાંતરિત બિહારીઓની સમસ્યાઓના મુદ્દા પર લાંબી ચર્ચા કરવામાં આવી હતી.

જેમાં સુરતમાં રહેતા બિહારના સ્થળાંતર કરનારાઓની સુવિધા માટે બિહાર સરકાર દ્વારા મુખ્ય મુદ્દાઓ પર એક ઓફિસ ખોલવી જોઈએ, જેમાં એક વરિષ્ઠ અધિકારી ઓફિસમાં બેસવા જોઈએ, જેથી સુરતમાં રહેતા લાખો બિહારના સ્થળાંતર કરનારાઓની સમસ્યાઓનું નિરાકરણ થઈ શકે, જેમાં મુખ્યત્વે રેશન કાર્ડ, આધાર કાર્ડ, આયુષ્માન કાર્ડ, કે અન્ય પ્રકારની સમસ્યાઓ સુરતમાં રહેતા બિહારીઓ બિહાર ગયા વિના, સુરતમાં બેઠા બેઠા ઉકેલી શકે. માનનીય કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રીએ તાત્કાલિક બિહાર સરકારના શ્રમ કલ્યાણ વિભાગના માનનીય મંત્રી માનનીય શ્રી

અનુસંધાન પાના ૭ પર

# હાંસોટ પંથકમાં વહેલી સવારે ધુમ્મસ છવાતા વાતાવરણ ઠંડુ

## ભરૂચ અને અંકલેશ્વરમાં ગાઢ ધુમ્મસ

અંકલેશ્વર, તા.૧૪

ભરૂચ જિલ્લામાં મૌસમના બદલાયેલા મિજાજ જોવા મળી રહ્યા છે.બપોરના સમયે કાળઝાળ ગરમી પડી રહી છે તો આજે સવારના સમયે ગાઢ ધુમ્મસ ભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું.

ભરૂચ જિલ્લામાં મૌસમના બદલાયેલા મિજાજ જોવા મળી રહ્યા છે.બપોરના સમયે કાળઝાળ ગરમી પડી રહી છે તો આજે સવારના સમયે ગાઢ ધુમ્મસ ભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું.ભરૂચના અંકલેશ્વર અને હાંસોટ પંથકમાં ધૂમમ્સભર્યું વાતાવરણ નજરે પડ્યું હતું.

ધુમ્મસના કારણે વાહનચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલી નડી હતી.થોડા દિવસ અગાઉ જંબુસર પંથકમાં કમોસમી વરસાદ ખાબક્યો હતો ત્યારે આ તરફ અંકલેશ્વર અને હાસોટ પંથકમાં ધૂમમ્સભર્યું વાતાવરણ જોવા મળ્યું છે.જેના કારણે ખેતીના પાકમાં નુકસાનીની શક્યતા વ્યક્ત કરવામાં આવી છેમ હવામાન વિભાગ દ્વારા પણ વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે સવારના સમયે એકાએક જ ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. ધૂમમ્સભર્યા વાતાવરણના કારણે લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી જોકે સૂર્યનારાયણને દર્શન દીધા બાદ વાતાવરણ સામાન્ય થઈ ગયું હતું.

# ચેમ્બરના સ્માર્ટ એજ્યુકેશન એક્સ્પોને સાંપડેલો પ્રતિસાદ

## એક્ષ્પો અને સુરત સ્ટાર્ટઅપ સમિટમાં ૮૪૧૯ વિઝીટર્સે મુલાકાત લીધી

સુરત, તા.૧૪

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુકત ઉપક્રમે તા. ૧૧, ૧૨ અને ૧૩ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પો–૨૦૨૫'અને 'સુરત સ્ટાર્ટઅપ સમિટ– ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેને વિઝીટર્સનો જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. ત્રણ દિવસ દરમ્યાન ૮૪૧૯ વિઝીટર્સની મુલાકાત સાથે એક્ષ્પો તથા સમિટનું સમાપન થયું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા આયોજિત 'સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પો'માં વિદ્યાર્થીઓ



તથા વાલીઓને સુરત, ગુજરાત અને ભારત ઉપરાંત યુ.કે., યુ.એસ.એ., દુબઈ, જર્મની, ફ્રાન્સ, નેધરલેન્ડ, આયર્લેન્ડ અને સિંગાપોરની યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓની વિસ્તૃત જાણકારી મળી હતી. આ એક્ષ્પોમાં વિદ્યાર્થીઓને નવીન શિક્ષણ પદ્ધતિઓ, ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ્સ, આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓની જાણકારી તેમજ કારકિર્દી માર્ગદર્શન જેવા મહત્વપૂર્ણ વિષયો સંદર્ભે વિસ્તૃત માહિતી સંબંધિત પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવી હતી. આ એક્ષ્પોમાં

અનુસંધાન પાના ૭ પર

# કનસાડમાં ફ્લડ પ્રોટેક્ષન વોલના કામનું ખાતમુહૂર્ત

## મીંઢોળા નદી કાંઠે જમીનનું ધોવાણ અટકશે : મંત્રી મુકેશભાઈ પટેલ

સુરત, તા.૧૪

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના કનસાડ ગામ સ્થિત મીંઢોળા નદીના કાંઠે જમીન ધોવાણ અટકાવવા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઉપક્રમે રૂ.૨૧.૨૮ કરોડના ખર્ચે ફ્લડ પ્રોટેક્શન વોલ અને બોક્ષ કલ્વર્ટસના રિનોવેશનના કામોનું ખાતમુહૂર્ત જળસંપત્તિ, પાણી પુરવઠા રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

કનસાડ ગામની જમીનનું ધોવાણ થતું અટકાવવા તેમજ નદી કાંઠાના સંરક્ષણ માટે પ્રોટેક્શન વોલ નિર્માણ તથા ચોમાસા દરમ્યાન ગામની ડ્રેઈનોમાં આવતા પૂરના પાણી સરળતાથી વહી જાય તે માટે બોક્ષ કલ્વર્ટ સ્ટ્રક્ચરો રિનોવેટ થતા આગામી સમયમાં સ્થાનિક નાગરિકોને બહોળો



ફાયદો થશે. રાજ્ય સરકારે ઉપરોક્ત કામોથી ગ્રામજનોની માંગણી અને લાગણીને વાચા આપી છે. આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, કનસાડ ગામજનોની ફ્લડ પ્રોટેક્શન વોલની વર્ષો જૂની માંગ આજે પૂરી થઈ છે. ફ્લડ પ્રોટેક્શન વોલ બનવાથી મીંઢોળા નદી કાંઠેની જમીનનું ધોવાણ અટકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખેડૂતોના હિતમાં નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ વિવિધ યોજનાનો ૧૦૦ ટકા લાભ મળ્યો છે. વન વિભાગ દ્વારા કનસાડ ખાતે સમગ્ર ગુજરાતના નમૂનારૂપ વન કવચ અને વન કુટિર બન્યા છે. ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩૦૦થી વધુ હળપતિ આવાસ બન્યા છે. મંત્રીશ્રીએ જળસંચય માટે સૌએ સામૂહિક પ્રયાસો કરવા પર ભાર મૂકતા કહ્યું કે, સુરત જિલ્લામાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે મોટાપાયે સ્થળોને આઈડન્ટિફાઈ કરી જળસંચય જનભાગીદારી અભિયાન

અનુસંધાન પાના ૭ પર




યુગપુરૂષ, ભારત રત્ન, બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતીની આજે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. સુરતના રીંગરોડ ખાતે આવેલી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને મેયર દક્ષેશભાઈ માવાણી, રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી, ધારાસભ્ય પૂર્ણેશ મોદી, ધારાસભ્ય સંગીતાબેન પાટીલ વગેરે મહાનુભાવોએ શ્રદ્ધાંસુમન અર્પણ કર્યો હતો. (તસવીર : હનીફ મલેક)

# સુરતમાં આજે સવારે તાપમાન ઘટીને ૨૫.૮ ડિગ્રી નોંધાયું

## આવતીકાલથી તાપમાનમાં સતત વધારો થશે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૧૪**

એપ્રિલ મહિનાના પ્રારંભથી આકરી ગરમી શરૂ થયા બાદ છેલ્લા બે-ત્રણ દિવસથી લોકોને રાહત મળી હતી. પરંતુ, આ રાહતનો આજે છેલ્લો દિવસ છે. આવતીકાલથી રાજ્યમાં ફરી હીટવેવની આગાહી કરવામાં આવી છે. આજે પણ હવામાન વિભાગે અમદાવાદ અને રાજકોટમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચવાની આગાહી કરી છે. રવિવારે ૪૨.૭ ડિગ્રી સાથે રાજકોટ શહેર અગનભઠ્ઠી બન્યું હતું. રાજકોટ સહિત ૭ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ને પાર પહોંચ્યો હતો. સુરતમાં આજે વહેલી સવારે તાપમાન ઘટીને ૨૫.૮ ડિગ્રી નોંધાયું હતું.





રાજયનાં અન્ય શહેરોમાં ગરમીનો પારો ગગડ્યા બાદ પણ રાજકોટવાસીઓને રાહત મળી ન હતી. રવિવારે પણ રાજકોટમાં ગરમીનો પારો ૪૨.૭ ડિગ્રીએ પહોંચ્યો હતો. રાજકોટ સિવાય અન્ય ૬ શહેરોમાં પણ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયો હતો.

એપ્રિલ મહિનાની શરૂઆતથી જ કાળઝાળ ગરમીનો રાઉન્ડ શરૂ થયા બાદ છેલ્લા બે દિવસ દરમિયાન વાતાવરણમાં પલટો આવતા મોટાભાગના જિલ્લાઓના તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થયો હતો. પરંતુ, ૧૫ એપ્રિલથી હવામાન વિભાગે ફરી તાપમાન વધવાની અને હીટવેવની આગાહી કરી છે. ૧૫ એપ્રિલે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા અને રાજકોટમાં હીટવેવની આગાહી કરી છે.

# ભાડે લીધેલી કાર સગેવગે કરી દેનાર અલ્પેશ જાડાનો સાગરિત ઈમરાન મિર્ચી ઝડપાયો

## અનેક ગુનામાં ભાગતો ફરતો ઈમરાન મિર્ચીને ક્રાઈમ બ્રાંચ પોલીસે શોધી કાઢ્યો

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪**

ગુજરાતના અલગ-અલગ વિસ્તારોમાંથી કાર માલીકોને ઉંચી રકમે ફોર વ્હીલ ગાડીનુ ભાડુ આપવાની લાલચ આપી કારો મેળવી સગેવગે કરી દેવાના ચકચારીત પ્રકરણમાં અલ્પેશ જાડાનો સાગરીત ઈમરાન મિર્ચીની પોલીસે ધરપકડ કરી હતી.

સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમી આધારે સલાબતપુરા સૈયદ નિઝામુદીન બાબાની દરગાહ પાસેથી ગુજરાતના અલગ વિસ્તારોમાંથી વાહન માલીકોને ઉંચી રકમે ફોર વ્હીલ ગાડીનુ ભાડુ આપવાની લાલચ આપી વાહનો મેળવી સગેવગે કરી છેતરપીંડી કરનાર ઠગ ટોળકીના ઈમરાન ઉર્ફે ઈમરાન મીરચી કાલુખાન પઠાણ (ઉ.વ.૪૨ ધંધો. વાહનો લે-વેચ રહે, ઘર નં.૩૯-૦૦૫૨ અકબર સહીદ પઠાણવાડા, સૈયદ નિઝામુદીન બાબાની દરગાહની બાજુમાં સલાબતપુરા સુરત)ને ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે સને ૨૦૨૩ની સાલમાં આરોપીના ઠગ ટોળકીના સભ્યો કલ્પેશ ઉર્ફે જાડો જરીવાલા, મયુર ઉર્ફે સન્ની સાંડીસ, યોગેશ પટેલ તથા મિત રાઠોડએ ચોકબજાર ખાતે પટેલ ટ્રાવેલ્સના નામની ઓફીસ ચાલુ કરી તેઓ ગુજરાતના અલગ-અલગ વિસ્તારોમાંથી વાહન માલીકોને ઉંચી રકમે ફોર વ્હીલ ગાડીનુ ભાડુ આપવાની લાલચ આપી તેમના પાસે નવી કાર લેવડાવી કાર ભાડે રાખતા હતા

અને થોડા સમય ભાડુ ચુકવ્યા બાદ કાર માલીકની જાણ બહાર બારોબાર આરોપી ઈમરાન ઉર્ફે મીરચી હસ્તકે કાર અન્યને ગીરવે મુકાવી કારના બદલામાં રકમ મેળવી અને બાદમાં કાર માલીકને કારનુ ભાડુ આપવાનુ બંધ કરી કાર માલીકો સાથે છેતરપીડી કરતા હતા. વધુમાં ઈમરાન મિર્ચી સામે આ પ્રકારના અનેક ગુનાઓ નોંધાયા છે .

### ભાડે રાખેલી બુટલેગરની કાર પણ વેચી દેવાઈ હતી

બડેખા ચકલા ખાતે રહેતા બાબા દરગાહ નામના બુટલેગરે પણ લિંબાયત ખાતે રહેતા યુવકની કાર પણ ગીરવેથી લીધી હતી. ત્યારબાદ કાર માલિક કાર લેવા માટે આવ્યો હતો. બાબા દરગાહ અને તેના સાગરીતોએ કાર માલિક સાથે મારઝુડ કરી કાર પરત આપી ન હતી. આ અંગે અઠવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ આ કાર ગિરવે વાળું આખું કૌભાંડ ઉજાગર થયું હતું.



આજે તા.૧૪ એપ્રિલ રાષ્ટ્રીય અગ્નિસમન સેવા દિવસની ઉજવણી સંદર્ભે અઠવાલાઈન્સ ચોપાટી ગાર્ડનમાં ફાયર બ્રિગેડની ફરજ દરમિયાન શહીદી વ્હોરનાર જવાનોની યાદમાં બનાવાયેલા ફાયર જવાન શહીદ સ્મારક પર આજે સવારે સુરત ફાયર બ્રિગેડ દ્વારા શહીદ સ્મારક પર શહીદ જવાનોને સલામી આપવામાં આી હતી. (તસવીર : હનીફ મલેક)

# લિંબાયતમાં શ્રમજીવીના ઘરમાંથી રૂપિયા ૧૪ હજારના મતાની ચોરી

## કલીમ અન્સારીના ઘરમાંથી તસ્કરો સાડીનો જથ્થો ચોરી ફરાર

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪**

લિંબાયત ગોવિંદનગરના એક મકાનમાં મળસ્કે ત્રાટકેલા તસ્કરો રૂપિયા ૧૪ હજારના મતાની સાડીનો જથ્થો ચોરી કરી નાસી ગયા હતા.

પોલીસ સૂત્રોના દણાવ્યા મુજબ લિંબાયત ગોવિંદનગરમાં રહેતા કલીમ જહરૂદ્દીન અંસારી (ઉ.વ.૨૭, ધંધો, ચરક કામ)ના ઘરમાં ૧૧મી ઍન્લિના રોજ મળસ્કે ચાર થી છ વાગ્યાના આરસામાં તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરો ઘરના રૂમમાંથી ૩૬ સાડી જેની કિંમત રૂપિયા ૧૦,૦૦૦ અને ઍક બંડલ કાચા માલનું જેમાં આશરે ૨૦ સાડી જેની કિંમત ૪,૦૦૦ મળી કુલ રૂપયિ ૧૪,૦૦૦ન મતાની ચોરી કરી નાસી ગયા હતા. વધુમાં કલીમભાઈ અને તેની પત્ની ચરક કામ કરે છે અને તેઓ ખુરશીદ બાઈ પાસેથી સાડી બનાવવાનો કાચો માલ લાવીને તેની સાડી તૈયાર કરી પરત ખુરશીદભાઈને આપે છે. ૧૧મી ઍન્લિના રોજ પણ તેઓ સાડીઓ બનાવવાનો કાચો માલ પડ્યો હતો. તેની પત્નીઍ રાત્રી ચારેક વાગ્યા સુધી સાડી પર ચરકનું કામ કરી ૫૦૦ જેટલી સાડીઓ તૈયાર કરી હતી. અને ૧૦૦ જેટલી સાડીનો કાચો

અનુસંધાન પાના ૭ પર



રાંદેર રામનગર પાસે આવેલી ભાગ્યલક્ષ્મી સોસાયટીના દાદા હનુમાન મંદિરે શનિવારે હનુમાન જયંતી નિમિતે સોસાયટીના દરેક રહીશો દ્વારા ધામધૂમથી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તેમજ હનુમાન જયંતી નિમિતે ભંડારાનું પણ આયોજન કરાયું હતું.

# ઉચાપત કરનાર કર્મચારી લાઈવ ગેમમાં ૧.૬૪ કરોડની હારી ગયો

## ચીખલી હોસ્પિટલના ઉચાપત કેસમાં પોલીસનો ખુલાસો

**સુરત, તા.૧૪**

ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં મોટી ઉચાપત સામે આવી છે. આઉટસોંર્સિંગ કર્મચારી સતીષ ભોયાએ ખોટા બિલો બનાવીને ૧.૬૪ કરોડની ઉચાપત કરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીએ મોટાભાગના પૈસા ઓનલાઈન તીન પત્તી અને ક્રિકેટ ગેમિંગમાં ગુમાવી દીધા છે. થોડા પૈસા તેણે ઘર બનાવવામાં વાપર્યા હતા.

સતીષ ભોયા ૨૦૧૬થી ૨૦૨૩ સુધી જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતો હતો. ત્યારબાદ થોડા સમય માટે પટાવાળા તરીકે કામ કર્યું હતું. તેને વિવિધ બિલો બનાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આરોપીએ આઉટસોર્સ બિલ, બાયો મેડિકલ વેસ્ટ બિલ, ડીઝલ બિલ, ડાયટ બિલ સહિત અનેક બિલોમાં ગેરરીતિ આચરી હતી. તેણે એક જ બિલના ડબલ પેમેન્ટ મેળવ્યા હતા. આ રકમ અલગ-અલગ બેંક ખાતાઓમાં જમા કરાવી હતી. હોસ્પિટલના નિવાસી તબીબ માલતીબેન પટેલની ફરિયાદના આધારે પોલીસે કેસ નોંધ્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર કે.એચ. ચૌધરીએ આરોપીના સહકર્મચારીઓની પણ પૂછપરછ શરૂ કરી છે. જોકે હજુ સુધી કોઈ અન્ય કર્મચારીની સંડોવણી સામે આવી નથી.

## આજે નેશનલ ફાયર સર્વિસ ડે

# પાનોલીની કંપનીમાં ભીષણ આગ બાજુનું વેર હાઉસ પણ ભસ્મીભૂત

## સાત કલાકની જહેમતે વિકરાળ આગ કાબૂમાં આવી

**અંકલેશ્વર, તા.૧૪**

અંકલેશ્વરની પાનોલી ઔદ્યોગિક વસાહતમાં આજે સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. બે કંપનીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ૧૨ જેટલા ફાયર ફાયટરે લગભગ છથી સાત કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ એટલી વિકરાળ હતી કે, ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાતા હતા.



બનાવની જાણ થતાની સાથે જ એક પછી એક ૧૦થી ૧૨ જેટલા ફાયર ફાયટર ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

આજરોજ નેશનલ ફાયર સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવી રહી હતી, તેવામાં અંકલેશ્વરમાં ફરી એકવાર ભીષણ આગનો બનાવ સામે આવ્યો હતો. અંકલેશ્વરની પાનોલી જી.આઈ.ડી.સી.માં આવેલી જલ એક્વા નામની કંપનીમાં સવારના સમયે આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ આગ બાજુમાં આવેલી બી. આર.એગ્રો નામની કંપનીમાં પણ ફેલાઈ હતી. જેને લઈ દોડધામ મચી જવા પામી હતી.

ઘટનાની જાણ થતાં જ અંકલેશ્વર અને પાનોલી ડીપીએમસીના કુલ આઠ ફાયર ટેન્ડર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસ અને સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. સુરક્ષાની દૃષ્ટિએ કંપની તરફ જતાં માર્ગને કોર્ડન કરી દેવામાં આવ્યો છે.

બીજી તરફ સેફ્ટી અને હેલ્થ વિભાગ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ

અનુસંધાન પાના ૭ પર

# અમરોલી-સાયણ રોડ પર ચપ્પુ દેખાડી રોકડા ૧૬ હજારની લૂંટ

## ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવકને બે લૂંટારૂઓ લૂંટી ગયા

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪**

અમરોલી ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરતા ચલથાણના યુવકને બે અજાણ્યા લુટારુએ ચપ્પુ બતાવી તમારી પાસે જેટલા પણ પૈસા હોય તે આપી દો નહીં તો ચપ્પુ મારી દઈશ તેમ કહી રૂપિયા ૧૬,૦૦૦ થી વધુની રકમની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા

મૂળ તામિલનાડુના આર.એસ નાયડુના વતની અને હાલ કડોદરા ચલથાણ ઈ સ્થિત શિવશાહી રેસીડેન્સીમાં રહેતા ઉદયકુમાર રામામૂર્તિ પ્રમલેઈ કલ્લર(૨૦) નોકરી કરે છે. શનિવારે મોડીરાત્રીએ ઉદય કુમાર અમરોલી સાયણ ગોથાણ જૂની ટોકીઝ પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે બે અજાણ્યા લૂંટારુઓએ ઉદય કુમારને રોક્યો હતો ત્યારબાદ એક અજાણ્યાએ તેના કમરમાંથી ચપ્પુ કાઢીને તમારી પાસે જેટલા પણ પૈસા હોય તે આપી દો નહી તો ચપ્પુ મારી દઈશ તેઓ ડર બતાવી ઉદય કુમાર પાસે પૈસા માંગ્યા હતા. ત્યારબાદ ઉદય કુમાર પાસેથી રોકડા રૂપિયા ૧૬,૪૫૦ લૂંટીને ફરાર થઈ ગયા હતા આ અંગે અમરોલી પોલીસે બાઈક ઉપર આવેલા બંને અજાણ્યા સામે લૂંટની ફરિયાદ દાખલ કરી વધુ તપાસ શરૂ કરી હતી.

# હરયિાણા સમાજ દ્વારા કડોદરામાં રક્તદાન કેમ્પ



**કડોદરા તા.૧૪**

હરિયાણા સમાજના લોકો દ્વારા કડોદરા ની કચ્છીવાડી માં રક્તદાન શિબિર યોજાઇ હતી જેમાં રક્તની ૫૫ બોટલો એકઠી કરાઈ હતી આ શિબિરમાં રક્ત દાતાઓ માટે ફ્રી મા ચા નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી સમાજના અગ્રણી બલબીર ભાઈ એ રક્ત દાતા ઓનો ઉત્સાહ વધારી તેમનો આભાર માન્યો હતો હરિયાણા સમાજના બલવીર ભાઈ મહાવીર ભાઈ સતપાલભાઈ નરેશભાઈ એ ભારે જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# કડોદરામાં હનુમાન જયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી

**(પ્રતાપ પ્રતિનિધિ) કડોદરા તા. ૧૪**

કડોદરા સ્થિત હનુમાન મંદિરોમાં હનુમાન જન્મોત્સવની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી મંદિરોમાં સવારથી જ હનુમાન ચાલીસા અને સુંદરકાંડ ના પાઠ જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું કડોદરા માં સૂર્યમુખી હનુમાન તેમજ અકલા મૂખી હનુમાન મંદિરે હવન યજ્ઞ નું આયોજન થયું હતું જેમાં અંકુર દેસાઈ સહિત મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો હતો તેમજ આ કાર્યક્રમના અંતે ભંડારા નો ૧૫૦૦૦ થી વધુ ભાવિક ભક્તોએ મહા પ્રસાદીનો લાભ લીધો હતો

**પશ્ચિમ રેલવે**

**ટ્રેકમેન માટે ટુલ રૂમ્સ સહ રેસ્ટ રૂમ્સ**

DRM (WA), પ.રે. મું. સેન્ટ્રલ, મુંબઈ-૮, ઈ-ટે. નો. નં. BCT/૨૫-૨૬/૧૩, તા. ૯/૪/૨૫ મંગાવે છે. કામ અને સ્થળ: ઉકાઈ સોનગઢ-જલગાંવ જંક. TBR૧૭.૧૮૫ Tkm & TFR-૪૮.૪૯૩ Tkm અને ઉધના-જલગાંવ-TFR-૩૫.૦૭૪ Tkm, TFTR-૩૯.૯૩૯ Tkm & ૨૪ ટુલ રૂમ્સ સહ રેસ્ટ રૂમ્સ, ટ્રેકમેન માટે. કામની અંદા. કિંમત: ₹ ૪,૭૪,૬૪,૮૨૮.૬૨. બારડી: ₹ ૩,૮૭,૩૦૦/-. સુપ્રતિની તા. અને સમય: ૬/૫/૨૫ સુધી, ૧૫ ક. ખુલવાની તા. & સમય: ૬/૫/૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફરોની વિચારણા કરાશે નહીં.

0039

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...-

સોમવાર, તા.૧૪ એપ્રિલ ૨૦૨૫

# ઈંધણમાં જકાત વધારો : સરકાર લોકોનું વિચારે

વિશ્વમાં પલટાઈ રહેલા આર્થિક સમીકરણો વચ્ચે ક્રૂડતેલના ભાવો નીચા રહ્યા છે, પણ ભારત સરકારે પેટ્રોલ અને ડીઝલના પરની આબકારી જકાતમાં લિટરે બે-બે રૂપિયા અને રાંધણગેસમાં ૫૦ રૂપિયાનો વધારો કરીને પેટ્રોલિયમ પેદાશોના ભાવોમાં રાહતની આશા પર પાણી ફેરવી દીધું છે. જકાત વધારાની જાહેરાત સાથે ઈંધણના ભાવે વધશે એવી અટકળો સરકારે તાબડતોબ નકારીને આ વધારાની વપરાશકારોની ઉપર કોઈ અસર પડશે નહીં. જો કે, આ વહેવારમાં એક કડવી વાસ્તવિકતા એ સામે આવી રહી છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ તેલના ભાવો ચાર વર્ષની નીચલી સપાટીએ છે, ત્યારે ખેરખર તો ઈંધણની કિંમતોમાં ઘટાડો કરીને નાગરિકોને તેનો લાભ અપાવો જોઈએ, પણ ભાવો ઘટે તો સરકારની વેરાની આવક ઘટી જાય એટલે પોતાની આવકને વધારવા સરકારે જકાત વધારી છે. પેટ્રોલ અને ડીઝલના વેચાણ ભાવોમાં સૌથી વધુ હિસ્સો સરકારી વેરાનો રહ્યો છે. આજે આ બન્ને ઈંધણના ભાવો લિટરે ૧૦૦ રૂપિયાને આંબી રહ્યા છે. આ ઊંચા ભાવોને લીધે સમાન્ય નાગરિકોથી માંડીને ઉદ્યોગ જગત સૌના બજેટ પર મોટો બોજો અનુભવાતો રહ્યો છે, પણ સરકાર પોતાની આવક અને બજેટને જાળવવાની બાબતને સતત પ્રાધાન્ય આપીને વેરા અને જકાત વધારતી જાય છે. સરકારે આ વખતે એવો ખુલાસો કર્યો છે કે, હાલના કપરા આર્થિક સંજોગોમાં આ વધારાથી આવક ઊભી કરવામાં મદદ મળી શકશે. આ અગાઉ ૧૦ વર્ષ પહેલાં જકાત વધારાઈ હતી, ત્યારે એવું કારણ અપાયું હતું કે, આ રકમથી ક્રૂડ તેલનો તાકીદનો જથ્થો એકઠો કરવામાં આવશે, પણ તે પછી સરકારે આ વેરામાં સતત વધારો કર્યો છે. વાસ્તવિક્તા એ છે કે, સરકારે તેની સગવડતા મુજબ અને રાજકીય જરૂરત અનુસાર ઈંધણના ભાવોમાં વેરાની વધઘટ કરી છે. લોકસભાની ચૂંટણી હોય કે પછી કોઈ ચાવીરૂપ રાજ્યની વિધાનસભાની ચૂંટણી હોય મતદારોને રિઝવવા જકાતમાં ઘટાડો પણ કર્યો છે. વળી, અર્થશાત્રનો સાદો સિદ્ધાંત રહ્યો છે કે, ઈંધણના ભાવો વધવાથી મોંઘવારી પણ વધી જાય છે. એક તરફ સરકાર સામે મોંઘવારીને કાબૂમાં લેવાનો પડકાર દિવસોદિવસ મુશ્કેલ બની રહ્યો છે, તો પણ પોતાની આવકને વધારવાની વેતરણમાં આ ભાવોને ઘટાડવાની કોઈ પહેલ કરાતી નથી. આમ તો દેશના ઈંધણના ભાવોને વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવોને અનુરૂપ રાખવાની નીતિ સરકારે જાહેર કરેલી છે, પણ તેમાં હવે પોતાની સગવડતા મુજબ ફેરફાર કરતો રહ્યો છે. ક્રૂડ તેલના ભાવો વધે એટલે ઈંધણની કિંમત વધારી નાખતી સરકાર ભાવો ઘટે ત્યારે વેરા વધારીને કિંમતો ઓછી કરવાનું આબાદ ટાળી નાખે છે. ખરેખર તો સરકારે તેની સ્વાર્થી નીતિની ત્યજીને લોકભોગ્ય વલણ પર ધ્યાન આપવાની જરૂરત છે. આ વખતે જકાતમાં

લિટરે બે રૂપિયાનો વધારો કરવાને બદલે કિંમતમાં એટલી રાહત આપી હોત તો મોંઘવારીને કાબૂમાં લેવાનો પડકાર હળવો બની શક્યો હોત અને લોકોના બજેટમાં હળવાશ આવી શકી હોત. સરકારે આ બાબતે નવેસરથી વિચાર કરવાની ખાસ જરૂરત છે.

## પેટ્રોલ-ડીઝલ અને ગેસમાં ભાવ વધારો મધ્યમવર્ગીય આર્થિક સ્થિતિને ડામાડોળ કરશે

કોરોનાએ કાળો કેર વર્તાવેલો, ત્યારે પેટ્રોલ-ડીઝલની ખપત ઘટી ગયેલી ને ક્રૂડના ભાવ તળિયે ગયેલા, પણ સરકારે એક યા બીજે બહાને ઈંધણના ભાવ ઘટાડયા ન હતા. ક્રૂડના ભાવ ચાર વર્ષને તળિયે છે. બ્રેન્ટ ક્રૂડ ૧૨ ટકા ઘટયું હતું, બીજી બાજુએ ટ્રમ્પનું ટેરિફ વોર વૈશ્વિક આર્થિક સ્થિતિને ડામાડોળ કરી રહ્યું છે, ત્યારે સરકારે લિટરે, પેટ્રોલ અને ડીઝલ પર ૨ રૂપિયા એક્સાઈઝ ડયૂટી વધારી છે. એ પછી અડધા કલાકમાં જ બીજું નોટિફિકેશન બહાર પાડીને સ્પષ્ટ કર્યું કે ૨ રૂપિયાનો ભાવ વધારો જનતાએ ભોગવવાનો નથી. તે કંપનીઓ ભોગવશે. ચર્ચા એવી શરૃ થઈ હતી કે, ક્રૂડમાં ૧૬ ટકાનો ઘટાડો થયો એ સ્થિતિમાં લિટરે ૪થી ૫ રૃપિયાનો ઘટાડો કરીને સરકાર પ્રજાને રાહત આપી શકી હોત, તેને બદલે એક્સાઈઝ ડયૂટીમાં ૨ રૃપિયાનો વધારો કર્યો. એ ડયૂટી ક્યારેય લાગુ થશે જ નહીં, એવું વચન સરકારે આપ્યું નથી. બીજું એક જોખમ એ છે કે ડોલર સામે રૃપિયો તૂટતો જઈ રહ્યો છે. એ સ્થિતિમાં ક્રૂડના ભાવ ઘટે તો પણ ડોલરમાં તે ખરીદવા વધારે રૃપિયા ચૂકવવા પડે ને એનું પરિણામ ઈંધણના ભાવ વધારામાં જ આવે. અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૧૪થી પેટ્રોલ, ડીઝલના ભાવ ઓઈલ કંપનીઓ નક્કી કરે છે. અત્યારે તો રાહત છે કે ઈંધણનો ભાવ સીધી અસર નહીં કરે, પણ પ્રજા તેની આડ અસરથી મુક્ત નહીં રહી શકે.

પેટ્રોલ અને ડીઝલ પર ૨ રૃપિયા એક્સાઈઝ ડયૂટી વધારી એ વાત સાથે તા. ૭ એપ્રિલે ઘરેલુ રાંધણ ગેસ-એલપીજી-ના બાટલા પર ૫૦ રૃપિયાનો સીધો જ વધારો ઝીકયો છે. એથી સામાન્ય લોકોનું બજેટ ખોરવાશે, પણ ઉજ્જવલા ગેસ યોજના હેઠળની ગૃહિણીઓ પણ આંચકો ખાશે, કારણ એમને પણ બાટલા પર ૫૦નો વધારો ઝીકાયો છે. ગેસ સિલિન્ડરને મામલે કદાચ પહેલી વખત એવું બન્યું છે કે ગરીબ તેમ જ મધ્યમવર્ગના લોકો સિલિન્ડર દીઠ એક સાથે ૫૦ રૃપિયાનો માર વેઠશે. એક તરફ વૈશ્વિક આર્થિક સ્થિતિ ડામાડોળ છે, બીજી તરફ મધ્યમવર્ગ અસહ્ય મોંઘવારી વેઠી રહ્યો છે, ગુજરાતમાં મધ્યમવર્ગને ૮૦૯માં ગેસનો બાટલો મળતો હતો તે હવે ૮૫૯માં મળશે. આ મુદ્દે કોંગ્રેસી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું માનવું છે કે મે, ૨૦૧૪ની સરખામણીમાં ક્રૂડના ભાવ ૪૧ ટકા ઘટયા છે, પણ સરકાર ઈંધણના ભાવ ઘટાડવાને બદલે એક્સાઈઝ ડયૂટી લિટરે ૨ રૃપિયા વધારે છે. એલપીજી પર ૫૦નો ફટકો ઉજ્જવલાની ગરીબ મહિલાઓને પણ પડયો છે. આ છેતરપિંડી છે. કોઈ વિપક્ષ આ વધારાનો વિરોધ કરે કે વધારો પાછો ખેંચવાનું કહે, તો તે વિપક્ષનો વિરોધ છે, એટલા માત્રથી તેને અવગણી શકાય નહીં. સાચું તો એ છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસના ભાવ ઘટી રહ્યા છે, એ સ્થિતિમાં ઘરેલુ ગેસ પર ૫૦નો વધારો જરૃરી ન હતો. સરકાર સંદર્ભે પ્રજામાં બે પક્ષ પડી ગયા છે. એક પક્ષ એવો છે જે સરકારની નિત્ય આરતી ઉતારે છે ને બીજો એવો છે જે સરકારની સતત ટીકા જ કર્યે જાય છે. અસત્ય બંનેમાં છે. એ ખરું કે સામાન્ય ઘરોમાં પણ ગાડી આવી ગઈ છે, ક્યાંક તો એકથી વધુ છે, ત્યાં એ લકઝરી હશે ને એ દેશની પ્રગતિને કારણે શક્ય બન્યું એ પણ ખરું, પણ નોકરિયાતને, સ્કૂટર દરેક વખતે લકઝરી નથી. એ જરૃરિયાત છે. સ્કૂટર ખરીદવાની એની તાકાત નથી, એ લોનને કારણે શક્ય બન્યું. આમ તો લોન ભરવાનું એનું ગજું જ નથી, પણ નોકરી દૂર મળી છે ને ત્યાં પહોંચવા સ્કૂટર અનિવાર્ય છે એટલે લેવું પડયું છે. એને પેટ્રોલનો ભાવ વધે તો ગળે આવે.

### આ ઘટનામાં સૌથી પહેલાં પોલીસ શંકાના દાયરામાં છે

# યુવતીએ દારૂ પીધો એટલે તેના પર રેપ કરી શકાય?

અલ્લાહાબાદ હાઈકોર્ટે એક સગીર છોકરી પર બળાત્કારના પ્રયાસ મુદ્દે આપેલા ચુકાદાનો આઘાત શમ્યો નથી ત્યાં બળાત્કારના જ એક કેસમાં અલ્લાહાબાદ હાઈકોર્ટના જ જજે કરેલી ટિપ્પણીઓના કારણે ફરી વિવાદ થઈ ગયો છે. નોઈડામાં ૨૧ વર્ષની એક વિદ્યાર્થિનીએ નોંધાવેલી બળાત્કારની ફરિયાદના સંદર્ભમાં અલ્લાહાબાદ હાઈકોર્ટના જજ જસ્ટિસ સંજય કુમાર સિંહે એવી આઘાતજનક કોમેન્ટ કરી કે, બળાત્કાર પીડિતા દ્વારા કરવામાં આવેલા આરોપોને સાચા માનવામાં આવે તો પણ ઘટનાક્રમ પરથી એવું અનુમાન કાઢી શકાય છે કે વિદ્યાર્થિનીએ પોતે જ મુશ્કેલીને આમંત્રણ આપ્યું હતું અને યુવતી પોતે બળાત્કાર માટે જવાબદાર છે. અલાહાબાદ હાઈકોર્ટના જસ્ટિસ સંજય કુમાર સિંહે આ કોમેન્ટ સાથે રેપના આરોપીને જામીન પણ આપી દીધા.

અલ્લાહાબાદ હાઈકોર્ટના જસ્ટિસ સંજય કુમાર સિંહની કોમેન્ટ શરમજનક છે અને તેને સમજવા માટે આખો ઘટનાક્રમ સમજવો જરૂરી છે. બળાત્કારનો ભોગ બનેલી વિદ્યાર્થિનીએ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સેક્ટર ૧૨૬ પોલીસ સ્ટેશનમાં નિશ્ચલ ચાંડક નામના યુવકે પોતાની પર બે વાર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી. વિદ્યાર્થિની નોઈડાના સેક્ટર ૧૨૬માં પેઈંગ ગેસ્ટ તરીકે રહીને ગૌતમ બુદ્ધનગરની એક યુનિવર્સિટીમાં એમએમાં ભણે છે. યુવતીની ફરિયાદ પ્રમાણે, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ની રાત્રે પોતાના પાંચ ફ્રેન્ડ્સ સાથે દિલ્હી ફરવા ગઈ હતી. યુવતીનાં ફ્રેન્ડ્સમાં બે છોકરી અને ત્રણ છોકરા હતા કે જેમાંથી એક નિશ્ચલ ચાંડક પણ હતો.

બધાં યંગ હતાં તેથી હૌઝ ખાસમાં પાર્ટી કરી અને દારૂ પણ પીધો. બધાં દારૂના નશામાં ચૂર થઈ ગયાં હતાં. રાત્રે ૩ વાગ્યે પાર્ટી પતી પછી પીડિતા વિદ્યાર્થિની પોતાના સંબંધીના ઘરે જવા માગતી હતી. નિશ્ચલ તેને પોતે છોડી દેશે એવું કહ્યું પણ યુવતી તેની સાથે જવા તૈયાર નહોતી. વારંવારની વિનંતી પછી વિદ્યાર્થિની નિશ્ચલ સાથે જવા માટે નીકળી.

પીડિત વિદ્યાર્થિનીનો આક્ષેપ છે કે, નિશ્ચલે તેને રસ્તામાં અયોગ્ય રીતે વારંવાર સ્પર્શ કર્યો અને વિદ્યાર્થિનીને નોઈડાના સંબંધીના ઘરે લઈ જવાના બદલે હરિયાણાના ગુરૂગ્રામમાં પોતાના એક સંબંધીના ફ્લેટમાં લઈ ગયો, આ ફ્લેટમાં નિશ્ચલે તેના પર બે વાર બળાત્કાર ગુજાર્યો. યુવતીએ બીજા જ દિવસે નિશ્ચલ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કેસ નોંધ્યા પછી યુવતીની મેડિકલ તપાસ પણ કરાવી હતી પણ આરોપી નિશ્ચલ ચાંડકની લગભગ ૩ મહિના પછી ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ધરપકડ કરી.

આ ઘટનામાં સૌથી પહેલાં પોલીસ શંકાના દાયરામાં છે કેમ કે પોલીસે તાત્કાલિક આરોપીની ધરપકડ ના કરી. યુવતીએ વારંવાર પોલીસ સ્ટેશનના ધક્કા ખાધા પછી પોલીસે નિશ્ચલની પૂછપરછ કરી તેમાં તેણે યુવતી સાથે શરીર સંબંધ બાંધ્યા હોવાનું સ્વીકાર્યું પણ સંમતિથી સેક્સ સંબંધ બંધાયા હોવાનો દાવો કર્યો. ચાંડકે એવો દાવો કર્યો કે, યુવતી તેની સાથે તેના ઘરે આરામ કરવા જવા માટે સંમત થઈ હતી. યુવતીને પોતે કોઈ સંબંધીના ફ્લેટમાં લઈ ગયો હતો અને બે વાર બળાત્કાર કર્યો હતો એ વાત પણ ખોટી છે, બલ્કે બળાત્કાર જ થયો નથી, પરંતુ સંમતિથી સંબંધો બંધાયા હતા. પોલીસ ગમે તે કારણોસર આ દાવાને સાચો માનીને ચાંડકની ધરપકડ ટાળતી રહી.

પોલીસને કદાચ એમ હશે કે યુવતી થાકીને આવતી બંધ થઈ જશે પણ એવું ના થયું. તેના બદલે યુવતી આવતી રહી તેથી છેવટે ચાંડકની ધરપકડ કરી. ધરપકડ પછી યુવકે નીચલી કોર્ટમાં જામીન અરજી કરેલી પણ ત્યાં જામીન ના મળ્યા એટલે હાઈકોર્ટમાં જામીન અરજી કરી. હાઈકોર્ટમાં પણ આરોપીએ સંમતિથી સેક્સ થયું હોવાની રેકર્ડ વગાડી અને જસ્ટિસ સંજય કુમાર સિંહે તેની વાત સ્વીકારીને બળાત્કારના આરોપીને જામીન આપી દીધા. જજે એમ પણ કહ્યું કે, બંનેની સંમતિથી સેક્સ સંબંધ બંધાયા હોવાનું સાબિત થાય છે તેથી જામીન મળે છે. જસ્ટિસ સંજય કુમાર સિંહ સાહેબે સંમતિથી સેક્સ સંબંધ બંધાયા હોવાનું તારણ કઈ રીતે કાઢ્યું એ પણ

આઘાતજનક છે. જજ સાહેબના કહેવા પ્રમાણે, મેડિકલ તપાસમાં યુવતીનું હાઈમન એટલે કે યોનિપટલ તૂટેલું જોવા મળ્યું છે પણ ડોક્ટરે જાતીય હિંસા થઈ હોવાનું કહ્યું નથી.

હાઈકોર્ટના એક જજ આવી વાત કરે એ આપણી અદાલતોનું સ્તર કેવું છે તેના પુરાવારૂપ છે. આખી દુનિયામાં સ્વીકારાયું છે કે, બળાત્કાર વખતે પીડિતાને ઈજા થાય જ એ જરૂરી છે. બળાત્કારનો મતલબ સંમતિ વિના બળજબરીથી બંધાયેલા શરીર સંબંધ છે અને આ બળજબરી શારીરિક જ હોય એ જરૂરી નથી. કોઈ મહિલાને ડરાવીને, ધમકાવીને શરીર સંબંધ બાંધવાની ફરજ પાડો એ પણ બળાત્કાર જ છે. આ સંજોગોમાં જાતિય હુમલો થયાનાં કોઈ ચિહ્ન ના હોય. યુવતીને ડ્રગ્સ આપીને કે નશાની હાલતમાં શરીર સંબંધ બાંધો તો પણ ઈજાનાં નિશાન ના હોય તેથી જાતિય હુમલાનાં કોઈ ચિહ્ન ના મળે પણ એ રેપ જ ગણાય.

આ પણ વાંચોઃ એકસ્ટ્રા અફેર : રાણા સાંગા મહાન હતા, છે અને રહેશે રામજીલાલના બકવાસથી શું ફરક પડે છે?

જસ્ટિસ સંજય કુમાર સિંહે કરેલી કોમેન્ટ તો તેના કરતાં પણ વધારે આઘાતજનક છે અને આપણે ત્યાં ન્યાયતંત્રમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકોની માનસિકતા પણ અત્યંત પછાત છે એ સાબિત કરે છે. જજ સાહેબના કહેવા પ્રમાણે, યુવતીના આક્ષેપ સાચા હોય તો પણ તેણે પોતે જ પોતાની જાતને મુશ્કેલીમાં મૂકી હતી તેથી બળાત્કાર માટે એ જ જવાબદાર ગણાય.

યુવતીએ પોતાની જાતને કઈ રીતે મુશ્કેલીમાં મૂકી ? પોતે ઓળખતી હતી એવા યુવક પર વિશ્વાસ મૂકીને? કે મોડી રાત સુધી બારમાં પાર્ટી કરીને દારૂ પીને ? જજ સાહેબની વાતનો અર્થ એ થાય કે, કોઈ યુવતીને પાર્ટી કરવાનો કે પોતાના ફ્રેન્ડ્સ સાથે ને ખાસ તો યુવકો સાથે પાર્ટી કરવાનો કોઈ અધિકાર નથી. આ યુવતીએ પાર્ટી ના કરી હોત તો મુશ્કેલીમાં ના મુકાઈ હોત. ચાંડકે યુવતીને તેના સંબંધીના ઘરે મૂકી જવાનું કહીને બીજે લઈ જઈને વિશ્વાસઘાત કર્યો એ મહત્ત્વનું નથી પણ યુવતીએ દારૂ પીધો એ ભૂલ કહેવાય.

આ માનસિકતા આઘાતજનક કહેવાયને તેમાં પણ હાઈકોર્ટના એક જજ આવી માનસિતા બતાવે ત્યારે તો વધારે આઘાતજનક કહેવાય. ચાંડક અને યુવતી વચ્ચે સંમતિથી શરીર સંબંધ બંધાયા હોય એ શક્ય છે પણ તેના માટેના પુરાવા ધ્યાનમાં લેવાવા જોઈએ. તેના બદલે હાઈકોર્ટના જજ યુવતીના વર્તનના આધારે તેના પર થયેલા બળાત્કારને આધારે બળાત્કારને યોગ્ય ઠેરવે એ પછાતપણાની નિશાની છે. આ દેશના ન્યાયતંત્રમાં આવી પછાત માનસિકતા ધરાવતા લોકો કઈ રીતે આવી ગયા?

### પંકજ ઉધાસે બીજાં ઘણાં ફિદા થઈ જવાય એવાં ફિલ્મી ગીતો ગાયાં છે

# પંકજ ઉધાસ : ચલ દિયે તો જૈસે ખુલી રાત કી તરહ

### પંકજ ઉધાસના બંને મોટા ભાઈ મનહર અને નિર્મલ ઉધાસ પણ ગાયક છે.

મખમલી અવાજના ગાયક પંકજ ઉધાસે સોમવારે આપણી વચ્ચેથી વિદાય લીધી એ સાથે એક યુગ પૂરો થઈ ગયો. હિંદી અને ઉર્દૂની ગઝલો-નઝમો સામાન્ય લોકોને ગમે એ રીતે રજૂ કરીને ભારતમાં ગઝલ ગાયકીની પરિભાષા બદલી નાંખનારા પંકજ ઉધાસ પેનક્રિયાસ કેન્સર સામે જંગ લડી રહ્યા હતા. પંકજ ઉધાસ સોમવારને ૨૬ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યે આ જંગ હારી ગયા ને અંતિમ શ્ર્વાસ લીધા હતા.

પંકજ ઉધાસના નિધન સાથે ગુજરાતીઓએ પોતાનું એક ગૌરવ ગુમાવ્યું કેમ કે ઉધાસ પરિવાર રાજકોટ પાસેના ચરખડી ગામનો છે. પંકજ ઉધાસના બંને મોટા ભાઈ મનહર અને નિર્મલ ઉધાસ પણ ગાયક છે. મનહર અને નિર્મલ ઉધાસે ગુજરાતી ગઝલોને વૈશ્ર્વિક ફલક પર મૂકીને ગુજરાતી ભાષાની બહુ મોટી સેવા કરી છે પણ આજે વાત પંકજ ઉધાસની કરીએ.પંકજ ઉધાસના નિધન સાથે ભારતીય સંગીતમાં એક યુગ પૂરો થઈ ગયો એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી કેમ કે પંકજ ઉધાસે ભારતમાં ગઝલને લોકપ્રિય બનાવી, સામાન્ય લોકો સુધી પહોંચાડી. પંકજ ઉધાસ એક ટ્રેન્ડ સેટર ગાયક હતા કે જેમણે ગઝલ-નઝમને એક દાયરામાંથી બહાર લાવીને મુક્ત હવાનો અહેસાસ કરાવ્યો. ૧૯૮૦ના દાયકા લગી એવી માન્યતા હતી કે, ગઝલ અને નઝમ મહેફિલમાં ગાવાની ને માણવાની ચીઝ છે ને ગઝલ સાંભળવા માટે પણ એક ક્લાસ જોઈએ. આ માન્યતાના કારણે ગઝલ-નઝમ સાંભળનારો વર્ગ બહુ મર્યાદિત હતો. પંકજ ઉધાસે એ માન્યતાનો ભાંગીને ભુક્કો કરી નાંખ્યો અને ગઝલને બંધ કમરા કે હોલની મહેફિલાંથી બહાર સામાન્ય લોકો સુધી પહોંચાડી.ભારતમાં ગઝલને લોકપ્રિય બનાવવાનો યશ બે મહાન ગાયકોને આપી શકાય. એક જગજીતસિંહ અને બીજા પંકજ ઉધાસ. ભૂતકાળમાં મોહમ્મદ રફી, તલત મહેમૂદ, મન્નાડે સહિતના મહાન પાર્શ્ર્વગાયકોએ ગઝલો ગાયેલી પણ એ સંગીતકાર નહોતા. ભારતમાં ગઝલ ગાયકીનાં પ્રણેતા બેગમ અખ્તરને ગણી શકાય પણ બેગમ અખ્તર શાસ્ત્રીય રીતે ગઝલો ગાતાં તેથી તેમનો ચાહક એક ક્લાસ હતો, માસ નહીં. જગજીતસિંહે પણ શરૂઆતની ગઝલો ક્લાસ માટે જ ગાઈ પણ પછીનાં વરસોમાં તેમણે સામાન્ય લોકો પણ ડોલી ઊઠે એવી ગઝલોની ધૂન બનાવી અને ગાઈ.પંકજ ઉધાસ પહેલાંથી માસના ગઝલ ગાયક હતા. સામાન્ય લોકોને ગમે એવી ધૂનો બનાવીને તેમણે ગઝલોને રજૂ કરી અને છવાઈ ગયા. પંકજ ઉધાસ પહેલા એવા ગાયક હતા કે જેમની ગઝલ કે નઝમ હાઈવે પરના ઢાબા પર પણ વાગતી ને સામાન્ય લોકો તેની મજા લેતા. પંકજ ઉધાસની ગઝલો અને નઝમો લગ્નના વરઘોડામાં પણ વાગતી ને લોકો તેના પર ગાંડા બનીને ડાન્સ કરતા. મહેફિલોમાં પણ પંકજ ઉધાસની ગઝલો વાગે ત્યારે લોકો નાચતા. પાકિસ્તાનના મહેંદી હસન અને ગુલામ અલી જેવા મહાન ગણાતા ગઝલ ગાયકો તો ક્લાસના ગાયકો વધારે છે પણ જગજીતસિંહ માસના પણ ગાયક બન્યા. જગજીતસિંહ એ રીતે ગઝલ ગાયકીમાં શિરમોર ગણાય પણ ગઝલને આવી લોકપ્રિયતા જગજીતસિંહે પણ નથી અપાવી.પંકજ ઉધાસ એ રીતે પણ ટ્રેન્જ સેટર છે કે બહુ ઓછા જાણીતા અથવા બિલકુલ અજાણ્યા શાયરોની રચનાઓ તેમણે ગાઈ. ગુજરાતી શેખાદમ આબુવાલાથી માંડીને એસ. રાકેશ જેવા શાયરોની રચનાઓ પણ ગાઈ. પંકજ ઉધાસે ગાયેલી ગઝલ-નઝમોમાં ચાંદી જૈસા રંગ હૈ તેરા સોને જૈસે બાલ, નિકલો ના બેનકાબ જમાના ખરાબ હૈ, મહેંગી બહોત હુઈ હૈ શરાબ થોડી થોડી પિયા કરો, ઈશ્ક નચાયે જિસ કો યાર વો ફિર નાચે બિચ બજાર, એ ગમે જીંદગી મુઝ કો દે મશવરા એક તરફ ઉન કા ઘર ઈક તરફ મયકદા, ઘૂંઘરુ તૂટ ગયે વગેરેને જબરદસ્ત લોકપ્રિયતા મળી. પંકજ ઉધાસે પચાસ કરતાં વધારે ગઝલ આલ્બમ બહાર પાડ્યાં છે ને મોટા ભાગનાં આલ્બમ જબરદસ્ત હિટ થયાં હતાં. ખાલી તેમણે ગાયેલી ગઝલોનાં મુખડાં લખો તો પણ એક લેખ નાનો પડે એટલી ગઝલ-નઝમો તેમણે ગાઈ છે. ૧૯૮૦ના દાયકામાં કેસેટ્સ નવી નવી આવેલી ત્યારે પંકજ ઉધાસની ગઝલોની કેસેટ્સ લાખોમાં ખપતી ને પાનના ગલ્લે પણ વાગતી.પંકજ ઉધાસે તેમના મોટા ભાઈ મનહર ઉધાસની સરખામણીમાં ઓછાં ફિલ્મી ગીતો ગાયાં પણ જે ગાયાં એ યાદગાર ગાયાં. નામનું ચિઠ્ઠી આયી હૈ, વતન સે ચિઠ્ઠી આયી હૈ ગીત તો પંકજ ઉધાસની ઓળખ બની ગયું. આનંદ બક્સીએ દિલ રેડીને લખેલા ગીતની લક્ષ્મીકાન્ત પ્યારેલાલે યાદગાર ધૂન બનાવી અને પંકજ ઉધાસે જીવ રેડીને ગાયેલા ગીતે ઈતિહાસ રચી દીધેલો. આ ગીત સાંભળીને લોકો ધ્રૂસકે ધ્રૂસકે રડતા.પંકજ ઉધાસે બીજાં ઘણાં ફિદા થઈ જવાય એવાં ફિલ્મી ગીતો ગાયાં છે. આજ ફિર તુમ પે પ્યાર આયા હૈ (દયાવાન), ના કજરે કી ધાર ના મોતીઓં કે હાર (મોહરા), ખુદા કરે મોહબ્બત મેં યે મકામ આયે ( સનમ), જીએં તો જીએં કૈસે બિન આપ કે (સાજન, એક-એક હો જાયે ફિર ઘર ચલે જાના (ગંગા જમુના સરસ્વતી), તુમ ને રખ તો લી તસવીર હમારી (લાલ દુપટ્ટા મલમલ કા ), માહિયા તેરી કસમ, જીના નહીં જીના હાય તેરે બિના (ઘાયલ) દિલ દેતા હૈ રો રો દુહાઈ (ફિર તેરી કહાની યાદ આયી) વગેરે ગીતો આજેય ખુશ કરી નાંખે છે. પંકજ ઉધાસના અવાજની તાકાત અથવા મુલાયમતા જે કહો એ આ ગીતમાં અનુભવાશે.આ તો થોડાંક ઉદાહરણો આપ્યાં પણ પંકજ ઉધાસે બીજાં પણ ઘણાં ગીતો ગાયાં છે. બધાં ગીતોને ચિઠ્ઠી આયી હૈ, વતન સે ચિઠ્ઠી આયી હૈ જેવી ધાંય ધાંય સફળતા ના મળી પણ એ ગીતોમાં પણ પંકજના અલગ અવાજની અસર તો વર્તાય જ છે.કલાને શબ્દોમાં વર્ણવી ના શકાય. તેનો અહેસાસ જ કરવો પડે તેથી પંકજ ઉધાસના અવાજને વર્ણવવા માટે કોઈ પણ શબ્દો ઓછા પૂરતા નથી. તેમનાં ગીતો સાંભળો તો જ તેની મુલાયમતાનો અહેસાસ થાય, મખમલી અવાજ કોને કહેવાય તેનો અનુભવ થાય.પંકજ ઉધાસનાં ગીતો સાંભળીશું ત્યારે ત્યારે એ અહેસાસ થશે જ કેમ કે પંકજ ઉધાસ એકમેવ છે, ન ભૂતો ન ભવિષ્યતિ. તેમના જેવો વિશિષ્ટ અવાજ ધરાવનારો બીજો ગાયક નહીં આવે.પોતાના અવાજથી કરોડો લોકોના દિલને રાહત, શાંતિ આપનારા પંકજભાઈના આત્માને પ્રભુ શાંતિ આપશે જ છતાં કહી દઈએ કે, પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

### ભક્તિ અને આધ્યાત્મિકતા- હનુમાનજીની શ્રી રામ પ્રત્યેની ભક્તિ એક ઉચ્ચ કોટિનું ઉદાહરણ છે.

# હનુમાન : યુવા હૃદયો માટે પ્રેરણાનું ઝરણું

### શક્તિ અને આત્મવિશ્વાસ-હનુમાનજી પવનપુત્ર તરીકે જાણીતા છે અને તેમની અપાર શારીરિક તેમજ માનસિક શક્તિનું વર્ણન રામાયણમાં વારંવાર જોવા મળે છે.

આજે હનુમાન જયંતી છે, હનુમાન જયંતી ચૈત્ર માસની પૂર્ણિમાના દિવસે આવે છે. આ પવિત્ર દિવસે બજરંગબલીના જન્મોત્સવની ઉજવણી થાય છે, જે શક્તિ, ભક્તિ અને નિષ્ઠાનું પ્રતીક છે.પવનપુત્ર હનુમાનજીના જન્મોત્સવ નિમિત્તે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ! બજરંગબલીના આશીર્વાદથી આપનું જીવન શક્તિ, ધૈર્ય અને ભક્તિથી ભરપૂર રહે. તેમની કૃપાથી આપના સર્વ સંકટ દૂર થાય અને જીવનમાં સફળતા અને સુખ-શાંતિનો સંચાર થાય. જય શ્રી રામ! જય હનુમાન!હનુમાનજીનું જીવન એક એવું આદર્શ ઉદાહરણ છે, જે યુવાનો અને વિદ્યાર્થીઓને જીવનના વિવિધ પાસાઓમાં માર્ગદર્શન આપી શકે છે. તેમનું ચરિત્ર શક્તિ, ભક્તિ, નિષ્ઠા, નમ્રતા અને સમર્પણનું અનોખું સંયોજન ધરાવે છે. રામાયણના આ મહાન પાત્રમાંથી આપણે ઘણું શીખી શકીએ છીએ, જે આધુનિક સમયમાં પણ યુવાનો અને વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી છે. નીચેના પેરેગ્રાફમાં હનુમાનજીના જીવનના મુખ્ય પાસાઓ અને તેમાંથી મળતી પ્રેરણાની ચર્ચા કરવામાં આવી છે.

શક્તિ અને આત્મવિશ્વાસ-હનુમાનજી પવનપુત્ર તરીકે જાણીતા છે અને તેમની અપાર શારીરિક તેમજ માનસિક શક્તિનું વર્ણન રામાયણમાં વારંવાર જોવા મળે છે. જોકે, જ્યારે તેમને લંકા જવા માટે સમુદ્ર પાર કરવાનું કહેવામાં આવ્યું, ત્યારે તેમણે પોતાની શક્તિઓ પર થોડો

સંદેહ અનુભવ્યો હતો. પરંતુ જાંબવંતના પ્રોત્સાહનથી તેમણે પોતાની શક્તિને ઓળખી અને અશક્ય લાગતું કાર્ય પૂર્ણ કર્યું. આ ઘટના યુવાનોને શીખવે છે કે આપણામાં અપાર સંભાવનાઓ છુપાયેલી હોય છે, પરંતુ તેને ઓળખવા અને તેનો ઉપયોગ કરવા માટે આત્મવિશ્વાસની જરૃર હોય છે. વિદ્યાર્થીઓ આ બાબતથી પ્રેરાઈને પોતાની નબળાઈઓને દૂર કરી, પોતાની ક્ષમતાઓ પર ભરોસો રાખી શકે છે અને પોતાના લક્ષ્યોને હાંસલ કરવા માટે આગળ વધી શકે છે.નિષ્ઠા અને કર્તવ્યપરાયણતા- હનુમાનજીની શ્રી રામ પ્રત્યેની નિષ્ઠા અને તેમના કર્તવ્ય પ્રત્યેનું સમર્પણ અદ્વિતીય છે. તેમણે ક્યારેય પોતાના હિતોને શ્રી રામની સેવા ઉપર પ્રાધાન્ય આપ્યું નથી. લંકામાં સીતાજીની શોધથી લઈને યુદ્ધમાં રામની સેનાને મદદ કરવા સુધી, તેમણે પોતાના કર્તવ્યોને પૂર્ણ નિષ્ઠાથી નિભાવ્યા. આ ગુણ યુવાનોને શીખવે છે કે સફળતા માટે નિષ્ઠા અને પ્રામાણિકતા અનિવાર્ય છે. વિદ્યાર્થીઓ માટે આ એક મહત્ત્વપૂર્ણ પાઠ છે કે તેમણે પોતાના અભ્યાસ, શિક્ષકો અને સમાજ પ્રત્યેની જવાબદારીઓને નિષ્ઠાપૂર્વક નિભાવવી જોઈએ. આવી નિષ્ઠા તેમને લાંબા ગાળે સફળ અને આદરણીય બનાવશે.

નમ્રતા અને વિનય- અપાર શક્તિ અને બુદ્ધિ હોવા છતાં, હનુમાનજી હંમેશા નમ્ર અને વિનયી રહ્યા. તેમણે ક્યારેય પોતાની શક્તિનો દુરુપયોગ કર્યો નથી કે ન તો પોતાના ગુણોનું ગુમાન કર્યું. શ્રી રામની સેવામાં તેમણે હંમેશા પોતાને એક નાનો સેવક ગણ્યો. આ નમ્રતા યુવાનોને શીખવે છે કે સફળતા મેળવ્યા પછી પણ નમ્ર રહેવું જરૃરી છે. વિદ્યાર્થીઓ આ ગુણ અપનાવીને પોતાના સાથીઓ, શિક્ષકો અને સમાજ સાથે સારા સંબંધો બનાવી શકે છે. નમ્રતા તેમના વ્યક્તિત્વને વધુ આકર્ષક અને પ્રભાવશાળી બનાવે છે.

ધૈર્ય અને બુદ્ધિનો ઉપયોગ- હનુમાનજી માત્ર શક્તિશાળી જ નહોતા, પરંતુ તેમની બુદ્ધિ અને ધૈર્ય પણ અસાધારણ હતા. લંકામાં સીતાજીની શોધ દરમિયાન તેમણે અનેક પડકારોનો સામનો કર્યો, પરંતુ ધૈર્ય અને બુદ્ધિનો ઉપયોગ કરીને તેમણે દરેક પરિસ્થિતિને સંભાળી. આ ગુણ યુવાનોને શીખવે છે કે મુશ્કેલીઓમાં ગભરાવાને બદલે શાંતિથી વિચારીને ઉકેલ શોધવો જોઈએ. વિદ્યાર્થીઓ માટે આ ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે, કારણ કે અભ્યાસ દરમિયાન અથવા પરીક્ષામાં આવતી મુશ્કેલીઓમાં ધૈર્ય અને બુદ્ધિનો ઉપયોગ તેમને સફળતા તરફ લઈ જઈ શકે છે.

ભક્તિ અને આધ્યાત્મિકતા- હનુમાનજીની શ્રી રામ પ્રત્યેની ભક્તિ એક ઉચ્ચ કોટિનું ઉદાહરણ છે. તેમનું જીવન બતાવે છે કે ભક્તિ માત્ર ધાર્મિક ઉપાસના નથી, પરંતુ તે એક એવી શક્તિ છે જે આંતરિક શાંતિ અને દઢતા આપે છે. યુવાનો અને વિદ્યાર્થીઓ આ બાબતથી પ્રેરાઈને પોતાના જીવનમાં આધ્યાત્મિકતાને સ્થાન આપી શકે છે. આધ્યાત્મિકતા તેમને તણાવ અને ચિંતાઓથી મુક્ત થવામાં મદદ કરે છે અને તેમના જીવનમાં એક સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવે છે.નિષ્કર્ષ- હનુમાનજીનું જીવન યુવાનો અને વિદ્યાર્થીઓ માટે એક અમૂલ્ય પ્રેરણાસ્ત્રોત છે. તેમની શક્તિ, નિષ્ઠા, નમ્રતા, બુદ્ધિ, ધૈર્ય અને ભક્તિ જેવા ગુણો આજના યુવાનોને સફળ અને સંતુલિત જીવન જીવવા માટે માર્ગદર્શન આપે છે. આ ગુણોને અપનાવીને યુવાનો પોતાના લક્ષ્યોને હાંસલ કરી શકે છે, સમાજમાં આદરણીય સ્થાન મેળવી શકે છે અને આંતરિક શાંતિનો અનુભવ કરી શકે છે. હનુમાનજીના જીવનનો સંદેશ સ્પષ્ટ છે - જો આપણે નિષ્ઠાપૂર્વક અને નમ્રતાથી આપણા કર્તવ્યો નિભાવીએ, તો કોઈ પણ પડકાર આપણને રોકી શકે નહીં. આથી, યુવાનોએ અને વિદ્યાર્થીઓએ હનુમાનજીના આદર્શોને પોતાના જીવનમાં અપનાવવા જોઈએ અને એક ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવું જોઈએ.

# જોક્સ કે જીવનપ શાકાહાર એટલે શાકાહાર



અમે જન્મથી ને બાય ચોઈસ, શાકાહારી છીએ અને શાકાહારનું સમર્થન કરીએ છીએ. શાકાહાર કે માંસાહાર. એ સેન્સિટિવ સબ્જેક્ટ છે, જે ગાંધીથી લઈને ગુજરાતમાં નોન-વેજની લારી સુધી, કકળાટની કવ્વાલી રૂપે ચાલે જ રાખે છે.

અહીં મુદ્દો જીવદયાનો છે, જેને સો-સો સલામ, પણ અત્યારનાં સોશ્યલ મીડિયાનાં ઉગ્ર-વ્યગ્ર જમાનામાં પશુ-પંખીની જાનહાનિની ચર્ચાને ચ્યુંઈગમ જેમ ખાલીપીલી ખેંચીને, અમારે અમારી જાનહાનિનું જોખમ નથી લેવું. વળી ઘણા વખત પહેલાં એક ન્યૂઝ વાંચ્યાં હતા કે શાકાહારીઓને કારણે પૃથ્વીમાં પ્રદૂષણ વધે છે!

બોલો?!! પશુઓને સાચવવા કે ખેતીમાં પાણી ને કુદરતી સંપત્તિઓ વપરાય છે માટે નોન-વેજ ખાનારાઓ જ પર્યાવરણ માટે દુનિયાની સેવા કરે છે!આમાં શું કહેવું? આપણે આઈસક્રીમ, રબડી કે ખીર છોડી દેવાની? હમણાં કોઈ ફૂડ ડિલિવરી એપમાં વેજ આઈટેમ માટે લીલાં ને નોન-વેજ માટે લાલ કપડાં પહેરવાની શરૂઆત થઈ તો ખરી,પણ પછી એનો વિરોધ થયો એટલે આઈડિયા પાછો ખેંચાયો.બીજી બાજુ, અમુક તહેવારોએ નોનવેજની દુકાનો હોટલો બંધ રાખીને જીવહત્યા રોકવી એવા જીવહિંસા રોકવાના પ્રયાસ પછી એને માટે જ્યાં ત્યાં માનવ હિંસા શરૂ થવા લાગી છે!

શું છેક કોઈની જીવન પદ્ધતિ બીજા માટે હિંસા હોઈ શકે. મિઝોરમની શાળામાં બાળકોએ એક નાટકમાં અહિંસક ગાંધીજીને હાથમાં ભાલો લઈને બ્રિટિશરો સાથે લડતા દેખાડેલા. હવે ત્યાંના ભોળાં બાળકોનાં મનમાં 'યોદ્ધા એટલે સશસ્ત્ર હિંસક માણસ જ હોય'-એવી વ્યાખ્યા. શત્રુ સામે અહિંસાથી પણ લડી શકાય એવી એમને ખબર ક્યાંથી હોય? બાળકો, ખોટાં નહોતાં, પણ આવા 'હિંસક ગાંધીજી' આપણને કોમેડી લાગે, પણ એમાં ત્યાંનાં બચ્ચાઓનું એ ભોળપણ છે.

ખોરાકનું પણ એવું જ છે. કોણ, કેવા દેશ-પ્રદેશ કે આબોહવામાં ઉછરે છે એના પર બધું નિર્ભર છે. શાકાહારીઓને નોન-વેજ ખાવામાં હિંસા કે પાપ દેખાય,પણ માંસાહારીઓ માટે મામલો અલગ જ છે. વેજિટેરિયનને જ્યાં સૂગ ચઢે ત્યાં કોઈને ટેસ્ટ મળે! જો કે આમાં ગલગલિયાં કરતા નોન-વેજ જોકસ પણ આવી જાય છે, જે કોઈને એ ગમે, કોઈ એમાં ભવા ચઢાવે.

આજન્મ વેજિટેરિયન હોવાથી ફિલ્મ શૂટિંગમાં અમને રોમાનિયા કે ચીનમાં વેજ ખાવાનું દિવસો સુધી મળતું નહીં. એવી પરિસ્થિતિમાં અમારી સ્થિતિ વિશ્વામિત્ર જેવી થતી. સામે મેનકા જેવી નોન-વેજ ડિશ લલચાવતી હોય ત્યારે પણ અમે 'શાકાહારી' સંયમ જ પાળેલો. વેલ, ખરેખર તો વેજિટેરિયનો માટે અમને પક્ષપાત છે.

શાકાહારથી જીવહત્યા તો અટકે જ પણ રોગ ઓછા થાય, વળી 'મનુષ્યનું પેટ જાનવરોનું કબ્રસ્તાન નથી!' એ અમારું ફેવરિટ વાક્ય છે બટ, બટબાબુ મોશાય, એટલે અન્યના અધિકારો પર અહિંસા થોપવા માટે હિંસક હુમલો ના કરાય.

હમણાં વિદેશી વિદ્યાર્થીઓની હોસ્ટેલ-હિંસાનાં વિવાદમાં ગુજરાત વિદ્યાપીઠના વાઈસ-ચાન્સેલરે કહ્યું; 'ગુજરાત તો શાકાહારી પ્રદેશ છે!' વરસોથી અમને ય આ ભ્રમણા હતી, પણ આંકડા મુજબ, ગુજરાતમાં ૬૦ ટકાથી વધુ લોકો જાહેરમાં કે ખાનગીમાં નોન-વેજ વાનગી ખાય છે. એકચ્યૂલી, 'ઇંડિયા ધેટ ઈઝ ભારત' માં યાનેં કિ હિંદુસ્તાનમાં સરકારી આંકડાઓ મુજબ સૌથી વધુ શાકાહારીઓ હરિયાણામાં છે ને એના પછી પંજાબમાં છે!

કિં મૈં જૂઠ બોલિયાં?

ઈન્ટરવલ:

બચકે રહેના વો સાદગી સે ભી
બૈર હો જિસે ઝિંદગી સે ભી.

વળી, શિદ્દતવાળા શાકાહારીઓ ઘણી ટાઈપનાં હોય છે. જેમ કે- કટ વેજિટેરિઅન-' કેકમાં પણ ઈંડાં તો નહીં જ! 'એવું ગર્વથી કહે.. એમ લાગે કે સ્ટ્રિકટ શાકાહારીઓ, એવા જ ઘઉંની રોટલી ખાતા હશે, જે ખેતરમાં બધાં ઘઉંના રોપાઓ,

શિસ્તબદ્ધ સ્ટુડન્ટની જેમ એક કતારમાં કે એક સાઈઝમાં ઉગતા હશે અથવા એવા ભાત કે ખીચડી જમતાં હશે, જેમાંનાં ચોખાને વર્દીધારી સૈનિકો માર્ચિંગ કરીને ખેતરમાં વાવતા હશે. કે એ જ ટામેટાં ખાતા હશે, જે સવારે એક્ઝેટ સાડા-છ વાગે ઊઠીને સૂર્યદેવતાને 'ગુડ મોર્નિંગ' કહેતાં હશે!

સરકાર હોય કે સમાજ,'સ્ટ્રિક્ટ' વિશેષણમાં જ તીખી તાનાશાહીની વાસ આવે છે. આવા શિસ્તાળુ શાકાહારીઓ પછીથી ઉગ્ર શાકાહારી બનવા માંડે. આસપાસનાં લોકો સાથે સવાર-સાંજ નોન-વેજ બદલ બાખડે કે દોજખનાં દ્વારનો ભય દેખાડીને ડરાવે. આવા જિદ્દિ વેજિટેરિયનો ધીમે ધીમે 'વિગન' બની જાય. વિગન હોવું આજકાલ બહુ ફેશનમાં છે. વિગન એટલે પશુ-પંખી-માછલીનાં મટન-ચિકન-ઈંડાં તો છોડો પણ પશુજન્ય દૂધ કે ચામડી બધાંથી જ કિટ્ટા!જાનવરની ત્વચાની ચપ્પલ કે પાકિટ-પર્સ પણ 'નો,ના..નકો નકો રે બાબા' કહે. જો કે ઘણી દવાઓમાં પશુજન્ય પદાર્થો જ હોય છે, એમાં શું કરતા હશે? રબ જાને!



# મન કહે માળિયે ચડું, કરમ કહે કાંટામાં પડું

મન છે તો બે અક્ષરનો નાનકડો શબ્દ. પણ એનો વ્યાપ ૧૪ લોક કરતાં વધુ ફેલાયેલો છે. શબ્દકોશ અનુસાર દિલ, હૈયું, કાળજું, ચિત્ત, અંતઃકરણ એના પર્યાયવાચી શબ્દો છે. આ એવી જગ્યા છે જ્યાંથી લાગણીઓનો જુસ્સો ઊભરાય છે અને બીજી ઇન્દ્રિયોને કાર્ય કરવાની પ્રેરણા મળે છે. આપણે જેને અંતઃકરણ કહીએ છીએ એમાં બુદ્ધિ, અહંકાર અને મનનો સમાવેશ થાય છે. ભાષામાં પણ મનનો વિસ્તાર મોટો છે અને મન મૂકી ટહેલ્યું છે. મન મૂકી એટલે કોઈ પણ કપટ કે ભેદભાવ વિના.

મનુષ્યના અરમાન — ઈચ્છા અને વાસ્તવિકતાનો મેળ નથી બેસતો. મન કહે માળિયે ચડું, કરમ કહે કાંટામાં પડું કહેવતમાં આ વાત સુપેરે પ્રગટ થાય છે. માળિયું ઊંચાઈનું — પ્રગતિનું પ્રતીક છે. મન કહે છે આકાશને આંબવું છે પણ કરમ એટલે કે નસીબ એવા મોળા છે કે કાંટામાં પડવાનો વારો છે. એટલે કે મુસીબતથી ઘેરાઈ રહેવું પડે છે. મન હોય તો માળવે જવાય કહેવતમાં અશક્યને શક્ય બનાવવાની વાત છે. મન જાણે કોથળો અત્યંત માર્મિક કહેવત છે. દરેક જણ પોતાની કિંમત બીજા કરતાં વધુ સમજે છે એ એનો ભાવાર્થ છે. મન મિનારા ચણે એ આપણે જાણીએ છીએ. ગુજરાતી વેપારીની ભાષામાં કહીએ તો પૃથ્વીની પરિક્રમાનો વિચાર કરવામાં એક પૈસાનો ખર્ચ નથી થતો તો પૃથ્વી જ શું બ્રહ્માંડમાં પણ કેમ ન ફરી વળવું? આ ભાવના કહેવતમાં સુંદર રીતે વ્યક્ત થાય છેઃ મન કહે હું ઘોડે ચડું, મોતી પહેરું કાન, કાળને હાથ કમાન છે, ન છોડે વૃદ્ધ જવાન.

ઈચ્છાઓ રાખવાનો અધિકાર સહુ કોઈને છે, પણ વખત પૂરો થઈ જાય ત્યારે કાળદેવતા કોઈ પણ ભેદભાવ વિના જવાન હોય કે વૃદ્ધ સૌને ઉપાડી લે છે એ એનો ભાવાર્થ છે. મન અને શરીરનો સંબંધ દર્શાવતી એક અત્યંત મજેદાર કહેવત છે મન જાય તો જાને દો, તું મત જા શરીર, બિના પણછ કી કામઠી કૈસે લગેગા તીર? ભાવાર્થ સમજવા જેવો છે. અવલંબનની વાત છે. જેમ ધનુષ્યની દોરી — પણછ વિના તીરનો કોઈ અર્થ નથી રહેતો એવી જ રીતે શરીર નહીં રહે તો મનની ઈચ્છા કેવી રીતે પૂરી થાય?

મન કરતાં શરીર માટે મનુષ્યમાં વધુ રહેલા મોહ પર આ કહેવત એક રીતે કટાક્ષ છે. ઘણીવાર તન અને મન વિરોધાભાસી હોય છે. એ દર્શાવતી કહેવત છે મન મેલા તન ઉજલા, બગલા કપટી અંગ, ઈસસે તો કૌઆ ભલા, તન મન એકહી રંગ. બગલો ને કાગડાના રૂપક તરીકે ઉપયોગથી બહુ માર્મિક વાત કહેવાઈ છે. બગલાનું અંગ શરીર કેવું દૂધ જેવું ધોળું — સફેદ હોય છે. શ્વેત પ્રમાણિકતાનું પ્રતીક છે. જોકે, બગલો સ્વભાવે કપટી ગણાયો છે. ટૂંકમાં એના બાહ્ય દેખાવ અને એના વિચાર — કર્મમાં વિરોધાભાસ રહેલો છે. એના કરતાં તો કાગડો સારો એમ કહેવાયું છે, કારણ કે એના તન અને મન બંને કાળા છે. જેવા વિચાર એવો જ આચાર. જરાય કપટ નહીં. બગલા જેવા મિત્ર કરતાં કાગડા જેવો દુશ્મન સારો એમ અમથું નથી કહેવાતું.

# ટીનેજર્સ કેમ બની રહ્યાં છે અનિદ્રાના શિકાર?



કિશોરાઅવસ્થામાં શરીરમાં અગત્યના ફેરફાર થાય છે. તેઓ વયસ્ક થવા તરફ આગળ વધી રહ્યા હોય છે. એને કારણે તેમની ઊંઘમાં બદલાવ આવે છે. એના કારણે પારિવારિક, શૈક્ષણિક અને સામાજિક સ્થિતિની તેમની ઊંઘ પર અસર થાય છે. તેમને ૯ કલાક નિંદરની જરૂર હોય છે, પરંતુ ૮૦ ટકા કિશોરની નિંદર પૂરી નથી થતી. તેઓ સરેરાશ ૭ કલાકની ઊંઘ લેતા હોય છે. આવી રીતે આખા અઠવાડિયા દરમિયાન તેમની નિંદર પૂરી નથી થતી અને એથી તેઓ વીકએન્ડમાં વધુ સમય સુધી ઊંઘતા રહે છે.

માતા-પિતાની અજ્ઞાનતા

ટીનેજર બાળકો જ્યારે નિંદર પૂરી ન થવાને કારણે ચીડિયા સ્વભાવના થઈ જાય છે, તો માતા-પિતાને લાગે છે કે તેમની નિંદર પૂરી ન થવાને કારણે તેમનો સ્વભાવ આવો થઈ ગયો છે. સ્કૂલમાં જવાના બે કલાક પહેલા તેમને જાગવું પડે છે. સ્કૂલથી આવીને પણ તેમની નિંદર પૂરી ન થવાને કારણે તેઓ થાકીને લોથપોથ થઈ જાય છે. આ જ કારણ છે કે બાળક સક્રિય નથી રહેતું અને તેને ભણવામાં પણ તકલીફ થાય છે.

અનિદ્રાનું કારણ

કિશોરાઅવસ્થામાં પહોંચેલાં બાળકોમાં આવેલા હાર્મોનલ ચેન્જિસને તેમની અનિદ્રાનું કારણ ગણી શકાય. મેલાટોનિન હાર્મોનનો સંબંધ આપણી નિંદરથી હોય છે. ટીનેજમાં આ હાર્મોનનો સ્ત્રાવ વધુ હોય છે. એથી એની સીધી અસર નિંદર પર પડે છે. રાતે મોડે સુધી સ્ટડી કરતા હોવાને કારણે સવારે વહેલા જાગી નથી શકતાં. ઋતુની પણ તેમની નિંદર પર અસર થાય છે. શિયાળાની ઋતુમાં કે પછી રજાના દિવસોમાં તેઓ ૧૨ વાગ્યા સુધી સૂતા રહે છે. એનાથી તેમની નિંદર પૂરી થાય છે.

ટીનેજર્સ પાસે સ્કૂલ પછી પણ ઘણી બધી ઍક્ટિવિટીઝ કરવાની હોય છે. સવારે સ્કૂલ જવા માટે તેમને વહેલા જાગવાનું હોય છે. એથી બાળકો રાતે વહેલા ઊંઘી જાય એ જ હિતાવહ છે. અનિયમિત શેડ્યુલ તેમની નિંદરમાં ખલેલ પહોંચાડે છે.

મોબાઈલ, ટીવી, ગેમસ્ટેશન, કોમ્પ્યુટર, જેવી ચીજોને કારણે પણ તેમની નિંદર પૂરી નથી થતી. એથી રાતે આ બધા ગેજેટ્સને દૂર રાખવા જોઈએ. તેને નિંદરમાં કોઈ ખલેલ ન પડે એ માટે રૂમમાં શાંતિ અને આછો પ્રકાશ હોવો જોઈએ. સમયસર વહેલા જાગવા માટે રાતે વહેલા સૂવાની ટેવ પાડવી જોઈએ. રાતે ચા કે કૉફી ન પીવી જોઈએ.

સકારાત્મક દૃષ્ટિકોણ

પેરન્ટ્સને ટીનેજરની નિંદર પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવવો જોઈએ. જો તેઓ ગાઢ નિંદ્રામાં હોય તો તેને ચીસો પાડીને કે પછી એકાએક જોરથી હલાવીને ન જગાડવા. જે રીતે ભોજનમાં દિશા-નિર્દેશની તેમને જરૂર છે ઠીક એ રીતે સારી નિદ્રા વિશે પણ તેમને માહિતી આપવી જરૂરી છે. વીકએન્ડ પર વધારે કલાકો ઊંઘતા રહેવાને બદલે દરરોજ ૮-૯ કલાકની નિંદર લેવી જરૂરી છે. આમ, જો નિંદર પૂરી થશે તો સ્વાસ્થ્ય પણ જળવાશે. સાથે જ દિવસભર વિવિધ પ્રવૃત્તિઓમાં પણ જોશથી ભાગ લઈ શકાશે.

# પુરુષ તેના સ્વાસ્થ્ય માટે કેટલો સજાગ છે?

પુરુષો તેમના આરોગ્ય બાબતે અત્યંત બેજવાબદાર હોય છે એ બધા જાણે જ છે. જે પુરુષો પોતાના સ્વાસ્થ્ય માટે સજાગ ન હોય એ પુરુષોને એ વિશે તો નહીં જ ખબર હોય કે વિશ્વમાં દર વર્ષે 'મેન્સ હેલ્થ વીક' ઊજવવામાં આવે છે અને એ દિવસોમાં પુરુષોના સ્વાસ્થ્ય સંબંધી ચર્ચાઓ થાય છે, પુરુષોમાં કઈ બીમારીઓ વધુ દેખાઈ રહી છે એના પર સંશોધનો થાય છે અને એ બીમારીઓમાંથી પુરુષોએ કઈ રીતે બહાર આવવું અને સ્વસ્થ જીવન જીવવું એ માટે બાકાયદા અવેરનેસ ડ્રાઈવ્ઝ થાય છે, જેમાં કોર્પોરેટ કંપનીઝથી લઈ સરકારી કચેરીઓ અને પાર્ક કે પબ્લિક પ્લેસીસથી લઈ ડોર ટુ ડોર કેમ્પેઈન્સ સુધીની બાબતોને આવરી લેવાય છે અને પુરુષોને તેમના હેલ્થ ચેકઅપ્સ કે અમુક ચોક્કસ બીમારીઓ માટે જાગૃત કરાય છે. જોકે આ બધુ કંઈ ભારતમાં નથી બનતું. આવું બધું તો થાય છે વિદેશમાં. અમેરિકા, યુકે કે ઓસ્ટ્રેલિયા જેવા સ્પોટ્સ પર. ભારતમાં તો પુરુષોનો એક મોટો વર્ગ એ વાતથી જ અજાણ છે કે તેમના સ્વાસ્થ્ય સંબંધની જાગૃતિ માટે આખેઆખું સપ્તાહ ઊજવાય છે, પણ એ વાત બિલકુલ સાચી છે કે સ્ત્રીઓની સરખામણીએ પુરુષો તેમના સ્વાસ્થ્ય બાબતે અત્યંત બેદરકાર હોય છે. નિયમિત હેલ્થ ચેકઅપ્સ તો બહુ દૂરની વાત છે, પરંતુ મોટા ભાગના પુરુષો ખાવા-પીવામાં કે કસરતો કરવામાં પણ ધ્યાન નથી રાખતા. એક સર્વે મુજબ તો ભારતના પાંસઠ ટકાથી વયસ્ક પુરુષો તમાકુ અથવા આલ્કોહોલ અથવા કોઈ પણ પ્રકારના વ્યસનના શિકાર છે. તો બીજી તરફ ભારતના પુરુષોનો એક મોટો વર્ગ કામને કારણે માઈગ્રેટ થયો છે અને વર્ગ પરિવાર વિના અન્ય શહેરોમાં જીવે છે, જ્યાં તેમનો જમવાનો સમય નિયત નથી હોતો કે નથી તો તેઓ પોષણયુક્ત ખોરાક ખાતા. આ કારણે ભારતના પુરુષો ઓરલ કેન્સર, ડાયાબિટીસ કે બ્લડ પ્રેશર જેવી અનેક બીમારીઓનો ભોગ બની રહ્યા છે. આ ઉપરાંત અનિયમિત જીવનશૈલી, કામના દબાણ અને પરિવારથી દૂર રહેવાને કારણે તેઓ જે માનસિક સમસ્યાઓનો ભોગ બને એ વધારાનું! પરંતુ પુરુષ આ બાબતે ક્યારેય સજાગ થતો જ નથી કે તેણે ખાનપાનથી લઈ યોગ કે કસરતો સુધીની બાબતોમાં અત્યંત સજાગ રહેવાનું છે અને એ સજાગતાથી તેણે અનેક શારીરિક-માનસિક બીમારીઓથી દૂર રહેવાનું છે. આ માટે પુરુષે તેના રૂટિનમાં માત્ર ત્રણ-ચાર નાનકડા બદલાવ આણવાના છે. એક બદલાવ એ કે તેણે તેના ભોજન બાબતે કોઈ બાંધછોડ નથી કરવાની. પુરુષ પોતાના ખોરાકને લઈને અત્યંત બેદરકાર રહે છે, જેને કારણે તે દિવસમાં કોઈ પણ સમયે જમે છે અથવા જે મળે એનાથી ચલાવી લે છે. એના કારણે બને એવું કે તેનું પેટ તો ભરાઈ જાય છે, પરંતુ તેને પોષણ નથી મળતું, જેને કારણે તે ધીમે ધીમે કેટલીક બીમારીઓનો શિકાર બનતો જાય છે. તો બીજો તેણે બદલાવ લાવવાનો છે કસરતો બાબતે.


# જાગીને જો 'તેજ', સુખ એટલે તારામાં હતું

૧૬મી એપ્રિલ ૨૦૨૧ એટલે કચ્છી મર્મી કવિ તેજપાલ ધારશી શાહ 'તેજ'ની પુણ્યતિથિ. તેમને યાદ કરવાની તક ઝડપું છું. થોડા સમય પહેલા અબડાસા તાલુકાના તેરા ગામે જવાનું થયું હતું. હેરિટેજ વિલેજ તરીકે જાહેર આ ગામની વાત જ નિરાળી છે. ગામડિયું જીવન શહેરીઓને તો આકર્ષે જ, પણ અહીંની સુવિધા જોઈને વિદેશીઓ પણ આકર્ષાય તેવું છે.

જૂના ઘરનું નવીનીકરણ કરી વાંચન પ્રવૃત્તિને વેગ આપવા સોમૈયા ફાઉન્ડેશને ઊભું કરેલું વાંચનાલય, ગામના મોટાંમોટાં ત્રણ તળાવો, સદી પુરાણી શાળા, દરબાર ગઢ અને તેમાં પણ રાજાના શયનકક્ષમાં દોરેલા રામરાંધના ભીંતચિત્રો; આ બધાની સાથે શિલ્પ-સ્થાપત્ય, આધ્યાત્મ, કળા- કારીગરી વગેરે જોઈને ઉદગાર નીકળે- 'મેરા ગાંવ તેરા.' અહીં આવેલા જૈન દેરાસરમાં એક પ્રદર્શન હોલ છે.

જેમાં આ ગામની ખાસિયતોને તસવીરી ઝલક સાથે રજૂ કરવામાં આવ્યા છે, સાથે દરેક તસવીરની નીચે તે સ્થળ અનુસાર કવિ 'તેજ'ની પંક્તિઓ લખેલી જોવા મળી. જે લગભગ સ્થાનાનુસાર. નમૂના સ્વરૂપ- રાજાશાહી વખતની ગામની શાળાના ફોટો નીચે લખેલું હતું;

ઉન ઈમારત કે 'તેજ' મેં જજો મિલે માન, જેમેં ભણીગણી જીયડો પામે તો જ્ઞાન. ત્યારે આવી એ પંક્તિઓએ સ્ફુરિત કર્યા કે એવું તો કવિએ કેવું લખ્યું જે સ્થળ કે વિષય અનુસાર સંદર્ભિત બની રહી છે. અને એ પછી 'તેજ'ના સાહિત્યથી પરિચય મેળવ્યો અને સમજાયું કે તે તો સહજતાના માણસ હતા! એમની જ પંક્તિઓમાં કહીએ તો 'ખોદું તો ખાણ ભરેલી છે 'તેજ', તેમાંથી ઓળખાણ આપું કેટલી?'




ધાણીફૂટ લખતાં કચ્છી કવિ અને પક્ષીવિદ તેજપાલ ધારશી શાહ. જન્મ ૧૩ જુલાઈ, ૧૯૩૭ના. 'કવિઓ જન્મે છે, બનાવી શકાતા નથી', આ ઉક્તિ 'તેજ'થી સાર્થક છે. એજ અબડાસા તાલુકાના નલિયા જૈન દેરાસરમાં ફરજ બજાવતા આ મહેતાજીએ પ્રાથમિક શિક્ષણ માંડ

લીધેલું. છતાંય ૪૦ જેટલાં પ્રકાશિત પુસ્તકો અને નામી પુરસ્કારો તેમની શાન છે. રવિ પેથાણીએ એમના વિષે કહ્યું છે, 'તેમના સાહિત્યમાંથી પસાર થાઓ એટલે સમજાય કે અદ્ભુત નિરીક્ષણ શક્તિ, રમૂજભાવ, સરળતા તેમનાં લક્ષણો હશે. થોડા શબ્દોમાં ઘણુંબધુ કહી જવાની કવિઓની ખૂબી હોય છે અને 'તેજ' એમાં પાવરધા હતા.'

કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા 'ગૌરવ પુરસ્કાર' સહિત અનેક સામાજિક અને ધાર્મિક સંગઠનો દ્વારા ઘણાં માન-અકરામ તથા પુરસ્કાર તેમના નામે અંકિત છે. કવિએ પ્રકૃતિ, એકાંત, રખડવાનો આનંદ, કુદરત, માતૃભાષા તથા માતૃભૂમિ માટેના પ્રેમાદર, કચ્છી માડુ, વૃક્ષો, વિરહ અને પ્રેમ જેવા વિવિધ વિષયો પર ભાવિકોને સાદર કરી છે. મંચનો જરા પણ મોહ નહિ. પોતાની કૃતિઓ સાથી કવિ કે કલાકાર મારફત રજૂ કરાવે અને પોતે શ્રોતાઓના હાવભાવ ઝીલે પોતાનું માપદંડ પોતે જ નક્કી કરે.

મારા કચ્છી પુસ્તક 'મિઠે મુલકજ્યુ બાઈયું'ના વિમોચન વખતે તેમના કચ્છી મૌક્તિક સંગ્રહનો ગુજરાતી અને અંગ્રેજીમાં 'ત્રિનેત્ર' નામક પુસ્તિકા સાથે પરિચય ડો. કાશ્મીરાબેન મહેતાએ કરાવેલ. અંગ્રેજી અને ગુજરાતીકરણ બદલ સ્નેહીશ્રી કાશ્મીરાબેનને અલગથી બિરદાવવા ઘટે, સૌ વાચકો ખાસ કરી યુવાઓને વિનંતી કે બેનના આ 'ત્રિનેત્ર' સંગ્રહને અચૂક વાંચવું. ચાલો, ઉત્સુકતા વધારવા અમુક નમૂના રજૂ કરી દઉં છું.

# મુંબઇ ઇન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સની જીતની લય તોડી, ૧૨ રનથી હરાવ્યું



ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાયેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સને ૧૨રનથી હરાવ્યું છે. આ સાથે જ મુંબઈએ સતત ચાર મેચ જીતેલી દિલ્હીને આ સિઝનમાં પહેલી વખત હારનો સામનો કરાવ્યો છે. આ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ હતી. દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જે પછી પહેલા બેટિંગ કરીને મુંબઇ ઈન્ડિયન્સે ૨૦ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને ૨૦૬ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ટાર્ગેટનો પીછો કરતી વખતે દિલ્હી કેપિટલ્સે ૧૯ ઓવરમાં ૧૯૩ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઇ હતી. પહેલા બેટિંગ કરવા ઉતરેલી મુંબઇ ઈન્ડિયન્સની શરૂઆત સારી રહી હતી. મુંબઇ તરફથી તિલક વર્માએ સૌથી વધુ ૩૩ બોલમાં ૫૯ રન બનાવ્યા હતા. જે પછી સુર્યકુમાર યાદવે ૨૮ બોલમાં ૪૦ રન અને રિયાન રિકલ્ટને ૨૫ બોલમાં ૪૧ રન ફટકારીને મુંબઈને ૨૦૫ રનના સ્કોર સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. બોલિંગ કરતી વખતે કર્ણ શર્માએ ૪ ઓવરમાં ૩૬ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે મિચેલ સાન્ટનરે ૪ ઓવરમાં ૪૩ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી. ૨૦૬ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી દિલ્હી કેપિટલ્સની શરૂઆત ખરાબ રહી હતી. પહેલી જ બોલમાં મુંબઈના દીપક ચાહરે દિલ્હીના બેટર જેક ફ્રેઝર-મેકગર્ક આઉટને કર્યો હતો. જે પછી ઈમ્પેક્ટ પ્લેયર કરુણ નાયરે ૪૦ બોલમાં ૮૯ રન બનાવીને દિલ્હીની સ્થિતિ મજબૂત કરી હતી. જો કે, કરુણ સિવાય દિલ્હીના તમામ બેટર ફ્લોપ સાબિત થયા હતા. કરુણ પછી અભિષેક પોરેલે સૌથી વધુ ૨૫ બોલમાં ૩૩ રન બનાવ્યા હતા. બોલિંગની વાત કરીએ તો વિપરાજ નિગમ અને કુલદીપ યાદવે મુંબઈની બે-બે વિકેટ ઝડપી હતી. નોંધનીય છે કે, હાલની IPL સિઝનમાં દિલ્હી કેપિટલ્સે સતત ચાર મેચ જીતી હતી અને અત્યાર સુધી અપરાજિત રહી હતી. જો કે, મુંબઇ ઈન્ડિયન્સે દિલ્હીને મ્હાત આપીને તેની જીતની લય તોડી છે. બીજી તરફ, પાંચ વખતની ચેમ્પિયન ટીમ મુંબઈ ઈન્ડિયન્સે ૫ મેચ રમી હતી અને માત્ર એક જ જીતી હતી. જો કે, આ જીત સાથે મુંબઈએ હવે ૬ મેચ રમીને ૨ મેચ જીતી છે. આ મેચ બાદ દિલ્હી પહેલા સ્થાને પરથી બીજા સ્થાને આવી ગઈ છે. જ્યારે મુંબઇ નવમા સ્થાન પરથી સાતમા સ્થાને આવી ગઇ છે.

# વિસ્થાપિત અફઘાન મહિલા ક્રિકેટરો માટે ICCએ પહેલ શરૂ કરી



ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ રવિવારે વિસ્થાપિત અફઘાન મહિલા ક્રિકેટરોને સહાયતા કરવા માટે એક સમર્પિત ટાસ્ક ફોર્સની રચનાની જાહેરાત કરી. એક ઐતિહાસિક પહેલમાં, ICCએ આ પ્રતિભાશાળી ખેલાડીઓને તેમની ક્રિકેટ અને વ્યક્તિગત વિકાસ યાત્રામાં સહાય કરવા માટે બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા, ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ, અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા સાથે હાથ મિલાવ્યા છે. આ પહેલના ભાગરૂપે, ICC સીધી નાણાકીય સહાયતા પૂરી પાડવા માટે એક સમર્પિત ફંડની સ્થાપના કરશે, જે સુનિશ્ચિત કરશે કે આ ક્રિકેટરો પાસે તેમને પ્રિય રમત આગળ ધપાવવા માટે જરૂરી સંસાધનો હોય. આની સાથે એક મજબૂત હાઇ-પરફોર્મન્સ પ્રોગ્રામ પણ હશે જે તેમને તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવામાં મદદ કરવા માટે એડવાન્સ કોચિંગ, વિશ્વકક્ષાની સુવિધાઓ અને વ્યક્તિગત માર્ગદર્શન આપશે. આ પહેલ વિશે વાત કરતા, ICC અધ્યક્ષ જય શાહે જણાવ્યું હતું કે 'ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલમાં, અમે સમાવેશિતાને પ્રોત્સાહન આપવા અને દરેક ક્રિકેટરને તેમની પરિસ્થિતિઓને ધ્યાનમાં લીધા વિના ચમકવાની તક મળે તે સુનિશ્ચિત કરવા માટે ઊંડી પ્રતિબદ્ધતા ધરાવીએ છીએ. અમારા મૂલ્યવાન ભાગીદારો સાથે મળીને, અમે આ ટાસ્ક ફોર્સ અને સપોર્ટ ફંડ શરૂ કરવા, તેમજ વિસ્થાપિત અફઘાન મહિલા ક્રિકેટરો રમતમાં તેમની યાત્રા ચાલુ રાખી શકે તે માટે વ્યાપક હાઇ-પરફોર્મન્સ પ્રોગ્રામ સાથે સહાયતા કરવા માટે ગર્વ અનુભવીએ છીએ. આ પહેલ ક્રિકેટના વૈશ્વિક વિકાસ અને એકતા પ્રેરવાની તેની શક્તિ પ્રત્યેની અમારી અડગ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.' ICC માને છે કે આ પહેલ માત્ર અફઘાન મહિલા ક્રિકેટરોની રમતની કારકિર્દીને જાળવવામાં જ નહી, પરંતુ સીમાઓ અને વિપરીત પરિસ્થિતિઓને વટાવતી એકતાની શક્તિ તરીકે રમતની ભૂમિકાને મજબૂત બનાવવામાં પણ મદદ કરશે. આ પહેલ ઉપરાંત, બોર્ડે વર્ષ ૨૦૨૪ માટે એકત્રિત ICC ગ્રૂપ ઓડિટેડ નાણાકીય નિવેદનોને પણ મંજૂરી આપી.

# સોલ્ટ-કોહલીનો ઝંઝાવાત, RCBએ રાજસ્થાનને હંફાવ્યું



ફિલ સોલ્ટની ૩૩ બોલમાં ૬૫ રનની વિસ્ફોટક ઈનિંગ્સ તથા વિરાટ કોહલીના અણનમ ૬૨ રનની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલોરે રાજસ્થાન રોયલ્સને તેના જ ગઢમાં નવ વિકેટથી હરાવ્યું હતું. ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ૭ મેચમાં આરસીબીનો આ ચોથો વિજય રહ્યો હતો અને તમામ જીત વિરોધી ટીમના હોમગ્રાઉન્ડ પર મેળવી છે. રાજસ્થાન રોયલ્સે નિર્ધારિત ઓવરમાં ચાર વિકેટે ૧૭૩ રન ખડક્યા હતા. જવાબમાં બેંગલોરે ૧૭.૩ ઓવરમાં એક વિકેટે જ ૧૭૫ રન નોંધાવીને ટારગેટ વટાવ્યો હતો. મેન ઓફ ધ મેચ ફિલ સોલ્ટે ૩૩ બોલમાં ૬૫ રન ઝુડ્યા હતા જેમાં પાંચ ચોગ્ગા અને ૬ છગ્ગાનો સમાવેશ થયો હતો. વિરાટ કોહલીએ ટી૨૦ ફોરમેટમાં ૧૦૦મી અડધી સદી ફટકારતા બેંગલોરનો ભવ્ય વિજય થયો હતો. રાજસ્થાન રોયલ્સનો સિઝનમાં આ ત્રીજો પરાજય રહ્યો હતો.

રાજસ્થાન રોયલ્સના ૧૭૪ રનના ટારગેટનો પીછો કરવા ઉતરેલા બેંગલોરના ઓપનર્સ ફિલ સોલ્ટ અને વિરાટ કોહલીએ ઝંઝાવાતી બેટિંગ કરી હતી. પાવરપ્લેની નિર્ધારિત ૭ ઓવરમાં બંનેએ વિના વિકેટે ૬૫ રન ફટકાર્યા હતા. પ્રથમ વિકેટ માટે ૯૨ રનની પાર્ટનરશિપ કરીને જીતનો પાયો નાંખ્યો હતો. સોલ્ટ ૬૫ રનના વ્યક્તિગત સ્કોર પર ઈમ્પેક્ટ ખેલાડી કુમાર કાર્તિકેયના બોલને રમવા જતા જયસ્વાલના હાથે કેચ આઉટ થયો હતો. વિરાટ કોહલીએ ૪૫ બોલમાં ચાર ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી અણનમ ૬૨ રન ફટકાર્યા હતા. ત્રીજા ક્રમે બેટિંગમાં આવેલા દેવદત્ત પડિક્કલે ૨૮ બોલમાં પાંચ ચોગ્ગા અને એક છગ્ગાના સહારે ૪૦ રન કર્યા હતા અને નોટ આઉટ રહ્યો હતો. રાજસ્થાનના બોલર્સને ઘરઆંગણે બોલિંગમાં સંઘર્ષ કરવો પડ્યો હતો. રોયલ્સે સાત બોલર્સ અજમાવ્યા હતા જે પૈકી કુમાર કાર્તિકેય એકમાત્ર સફળતા પ્રાપ્ત કરી શક્યો હતો. સવાઈ માનસિંહ સ્ટેડિયમની ધીમી પિચ પર સોલ્ટ અને કોહલીએ ફટકાબાજી કરીને હરીફ ટીમ પર દબાણ લાવ્યું હતું.

ટોસ જીતીને આરસીબીએ પ્રથમ બોલિંગ લીધી હતી. રાજસ્થાનના ડાબોડી ઓપનર યશસ્વી જયસ્વાલે ૪૭ બોલમાં ૧૦ ફોર અને બે સિક્સરની મદદથી ૭૫ રનની ઈનિંગ્સ રમી હતી. રાજસ્થાનનો સુકાની સંજૂએ (૧૫) ધીમી બેટિંગ કરી હતી અને તે કૃણાલ પંડ્યાના બોલ પર ક્રિઝની બહાર નિકળીને શોટ ફટકારવા જતા સ્ટમ્પ આઉટ થયો હતો.

ત્યારબાદ રિયાન પરાગે ૨૨ બોલમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૩૦ રન તથા ધ્રુવ જુરેલે ૨૩ બોલમાં બે ચોગ્ગા અને તેટલા જ છગ્ગાની મદદથી ૩૫ રનની અણનમ ઈનિંગ્સ રમતા રાજસ્થાન રોયલ્સ સન્માનજનક સ્કોર રજૂ કરી શક્યું હતું. હેતમાયર નવ રન પર ભુવનેશ્વરના બોલ પર પડિક્કલના હાથે કેચ આઉટ થયો હતો અને રાજસ્થાનની ચોથી વિકેટનું પતન થયું હતું. નિતિશ રાણા એક બોલમાં ચાર રન કરી નોટ આઉટ રહ્યો હતો. બેંગલોરના બોલર ભુવનેશ્વર કુમાર, યશ દયાલ, જોશ હેઝલવુડ અને કૃણાલ પંડ્યાએ એક-એક વિકેટ લીધી હતી.

# ગાંગુલીની ICC મેન્સ ક્રિકેટ કમિટીના ચેરપર્સન તરીકે પુનઃ વરણી કરાઈ



ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સૌરવ ગાંગુલીની આઈસીસી મેન્સ ક્રિકેટ કમિટીના ચેરપર્સન તરીકે પુનઃ વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ગાંગુલીના સમકાલીન વીવીએસ લક્ષ્મણની પણ રવિવારે આઈસીસીમાં એક પેનલ સભ્ય તરીકે વરણી કરવામાં આવી હતી. સૌરવ ગાંગુલી વર્ષ ૨૦૦૦થી ૨૦૦૫ સુધી ભારતીય ક્રિકેટ ટીમના સુકાની પણ રહ્યા હતા અને તેમની સૌપ્રથમ વખત ૨૦૨૧માં આઈસીસી મેન્સ ક્રિકેટ કમિટીના ચેરપર્સન તરીકે નિયુક્તિ કરાઈ હતી. વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત પૂર્ણ થયા પૂર્વ ક્રિકેટર અનિલ કુંબલે પાસેથી ગાંગુલીએ આ પદ મેળવ્યું હતું. ગાંગુલી અને લક્ષ્મણ ઉપરાંત અફઘાનિસ્તાનના ખેલાડી હામિદ હસન, વેસ્ટ ઈન્ડિઝના મહાન બેટ્સમેન ડેસમંડ હેયન્સ, દક્ષિણ આફ્રિકાના ટેસ્ટ અને વન-ડેના કેપ્ટન ટેમ્બા બાવુમા અને ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર જોનાથન ટ્રોટની પણ કમિટીમાં નિમણૂક કરવામાં આવી હતી. આઈસીસી દ્વારા રચાયેલી નવી મહિલા ક્રિકેટ કમિટીમાં ન્યૂઝીલેન્ડની ઓફ સ્પિનર કેથરિન કેમ્પબેલ ચેરપર્સન રહેશે જ્યારે પૂર્વ ઓસ્ટ્રેલિયન ખેલાડી એવરિલ ફાહે તથા ક્રિકેટ સાઉથ આફ્રિકાની ફોલેત્સિ મોસેકિ અન્ય સભ્યો રહેશે.

# વિરાટ કોહલીની વધી હાર્ટબીટ, સંજુ સેમસન દોડતો આવ્યો



રવિવારે રાજસ્થાન રોયલ્સ સામે વિરાટ કોહલીએ ૪૫ બોલમાં અણનમ ૬૨ રન ફટકારીને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુને ૧૫ બોલ બાકી રહેતા ૯ વિકેટથી જીત અપાવી. પરંતુ વિરાટ કોહલીને જયપુરની ગરમીને કારણે પણ સંઘર્ષ કરવો પડ્યો હતો કારણ કે તેને મેદાન પર શ્વાસ લેવામાં થોડી તકલીફ પડી રહી હતી.

વિરાટ કોહલી થોડીવાર માટે રોકાયો અને પોતાને શાંત કર્યો. એટલું જ નહી, તેને તેના ભારતીય ટીમના સાથી અને રાજસ્થાનના કેપ્ટન સંજુ સેમસનને તેના દિલના ધબકારા તપાસવા કહ્યું. આ ઘટનાએ વિરાટના ફેન્સને ચિંતામાં મૂકી દીધા.

આ ઘટના ૧૫મી ઓવરમાં બની હતી જ્યારે વિરાટ કોહલી વાનિંદુ હસરંગાના ચોથા બોલ પર થોડા રન લેવા દોડ્યો હતો. કોહલી સ્ટ્રાઈકર્સ એન્ડ પર પહોંચતાની સાથે જ, જમણા હાથનો બેટ્સમેન હાંફતો જોવા મળ્યો અને પછી તેને રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસનને તેના દિલના ધબકારા તપાસવા કહ્યું.

સ્ટમ્પ માઈક પર કોહલીને કહેતા સાંભળવામાં આવ્યા, "દિલના ધબકારા તપાસી રહ્યો છું." આના પર, રાજસ્થાન રોયલ્સના વિકેટકીપરે જવાબ આપ્યો, "ઠીક છે." ૧૫મી ઓવર પૂરી થતાં જ, વિરાટ કોહલી અને આરસીબીએ બેટ્સમેનોને શાંત થવા અને શ્વાસ લેવામાં મદદ કરવા માટે બે મિનિટનો સ્ટ્રેટજિક ટાઈમ આઉટ લેવાનું નક્કી કર્યું.

આરસીબી સામેની હાર બાદ, રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સેમસને પાવરપ્લેમાં મહેમાન ટીમને શાનદાર શરૂઆત અપાવવા બદલ વિરાટ કોહલી અને ફિલ સોલ્ટને શ્રેય આપ્યો. કોહલી અને સોલ્ટે પ્રથમ વિકેટ માટે ૯૨ રન જોડ્યા. મેચ પછીના પ્રેઝન્ટેશનમાં સેમસને કહ્યું કે 'અમને ખબર હતી કે તેઓ અમને સખત લડત આપશે અને મને લાગે છે કે તેઓએ પાવરપ્લેમાં જ મેચ જીતી લીધી.' આનો શ્રેય RCB ને જાય છે. બીજી ઈનિંગમાં બોલ વધુ સારો આવ્યો. તે ખરેખર સારો હતો.


# આજે ચેન્નાઈ પરાજયની હારમાળા અટકાવવા આતુર



ઈન્ડિયન પ્રીમિયર લીગમાં આવતીકાલે પાંચ વખતની ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ અને લખનૌ સુપર કિંગ્સ વચ્ચે જંગ જામશે. બંને ટીમના કેપ્ટન વિકટકીપર બેટ્સમેન છે અને લખનૌનો સુકાની પંત ધોનીને પોતાનો આદર્શ માને છે ત્યારે હવે ગુરૂ અને શિષ્યમાંથી કોણ બાજી મારે છે તે જોવું રહેશે. ચેન્નાઈ સુપર કિંગ્સે આ સિઝનમાં ૭ મુકાબલા પૈકી સળંગ પાંચમાં પરાજયનો સામનો કર્યો હોવાથી હવે તે પરાજયની હારમાળાને અટકાવવા આતુર છે. બીજીતરફ લખનૌએ ગત મેચમાં ગુજરાત ટાઈટન્સને હરાવવાની સાથે વિજયની હેટ્રિક ફટકારી હતી. ચેન્નાઈ ચેપોકમાં જ ત્રણ મુકાબલા હાર્યું હોવાથી હવે તેની સમક્ષ ટુર્નામેન્ટમાં ટકી રહેવા અને પ્લેઓફમાં પ્રવેશવા તમામ મેચમાં જીતવાનો કપરો પડકાર રહેશે. લખનૌમાં સાંજે ૭.૩૦થી મેચનો પ્રારંભ થશે.

ચેન્નાઈના બેટ્સમેનોએ ગત મેચમાં કોલકાતા સામે કંગાળ દેખાવ કર્યો હતો અને નવ વિકેટે ૧૦૩ રન જ નોંધાવી શક્યું હતું. ચેન્નાઈ અત્યાર સુધીની આઈપીએલની તમામ સિઝનમાં ક્યારેય સળંગ પાંચ મેચ હાર્યું નથી. ચેન્નાઈના નવા સુકાની તરીકે ધોનીએ કમાન સંભાળ્યા બાદ ટીમ પોતાની લયમાં જણાઈ નહતી. હવે ધોનીની આગેવાનીમાં યેલો બ્રિગેડે પોતાની લય પુનઃ પ્રાપ્ત કરવી પડશે. સ્પિનર્સ સામે બેટ્સમેનોએ સારો દેખાવ કરીને વિશાળ સ્કોર નોંધાવવો પડશે. ડેવોન કોન્વે, રચિન રવીન્દ્ર, રાહુલ ત્રિપાઠી અને વિજય શંકર જેવા ટોચના બેટ્સમેનોએ સાતત્યપૂર્વ દેખાવ કરવો પડશે. પંતના વડપણ હેઠળ લખનૌની નજર વિજયી ચોગ્ગો ફટકારવા પર રહેશે. લખનૌના બોલર્સ તેની નબળી કડી પુરવાર થયા છે પરંતુ ગત મેચમાં ગુજરાત સામે બોલર્સે કમાલ કરી હતી. લખનૌ માટે બોલર્સ વધુ એક વખત આ દેખાવનું પુનરાવર્તન કરશે તેવી આશા છે. લખનૌ પાસે મજબૂત બેટિંગ ઓર્ડર છે જેમાં મિચેલ માર્શ, એઈડન માર્કરમ, નિકોલસ પુરન, રિશભ પંતનો સમાવેશ થાય છે. પંત પાસેથી મોટી ઈનિંગ્સની અપેક્ષા મેનેજમેન્ટને રહેશે. ચેન્નાઈના બોલર્સ મુકેશ, અંશુલ, અશ્વિન, જાડેજા અને નૂર લખનૌના બેટ્સમેન પર દબાણ લાવવા સક્રિય ભૂમિકા ભજવી શકે છે.

# નવજોત સિદ્ધુનું વિવાદાસ્પદ નિવેદન, દમદાર બેટિંગ કરનાર કરૂણ નાયરની ઉડાવી મજાક





મુંબઈ ઈન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની મેચમાં કોમેન્ટેટર નવજોત સિંહ સિદ્ધુએ વિવાદાસ્પદ નિવેદન કર્યું છે. વાસ્તવમાં સિદ્ધુએ હિન્દુ કોમેન્ટ્રી દરમિયાન આઈપીએલ-૨૦૨૫માં દિલ્હી માટે રમી રહેલા કરૂણ નાયરની મજાક ઉડાવી છે.

કરૂણ નાયરની વાત કરીએ તો તેણે ડોમેસ્ટીક મેચોમાં દમદાર પ્રદર્શન કરી તરખાટ મચાવી દીધો છે. તેણે ગત ડોમેસ્ટીક સિઝનમાં ૯ સદી ફટકારી હતી. એટલું જ નહી તેણે ટી૨૦ ટુર્નામિન્ટ મહારાજા ટ્રોફી અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પણ અનેક વખત દમદાર બેટિંગ કરી હતી. આ જ કારણે તેની આઈપીએલમાં એન્ટ્રી થઈ છે. જોકે જ્યારે કરૂણ બેટિંગ કરવા મેદાનમાં આવ્યો ત્યારે સિદ્ધુઓ પોતાના અંદાજમાં કહ્યું કે, 'જંગલ મેં મોર નાચા કિસને દેખા.' એટલે કે ડોમેસ્ટીક પ્રદર્શને કોણ જોવે છે? નવજોત સિંહ સિદ્ધુએ કોમેન્ટ્રી દરમિયાન કરૂણ નાયરની સાથે સાથે ડોમેસ્ટીક મેચોની પણ મજાક ઉડાવી છે. તેમણે અગાઉ કહ્યું હતું કે, આઈપીએલ વિશ્વના બેસ્ટ ખેલાડીઓનો એક વાર્ષિક વર્લ્ડકપ છે, જ્યારે રણજી ટ્રોફી એક જંગલ જેવી છે. તેમાં ગમે તેટલું સારું પ્રદર્શન કરો, તેની કોઈ કિંમત હોતી નથી. તેમણે કરૂણ નાયબના ડોમેસ્ટીક પ્રદર્શન મુદ્દે કહ્યું કે, 'તે રણજી ટ્રોફી હતી, આ આઈપીએલ સર્વશ્રેષ્ઠ ખેલાડીઓનો વાર્ષિક વિશ્વકપ છે. ત્યાં રન બનાવવાનો મતલબ જંગલ મેં મોર નાચા કિસને દેખા...'

# લુકાસ માર્ટેન્સનો પુરુષ ૪૦૦ મીટર ફ્રીસ્ટાઈલ સ્વિમિંગમાં નવો વર્લ્ડ રેકોર્ડ



ઓલિમ્પિક ચેમ્પિયન અને જર્મનીના સ્વિમર લુકાસ માર્ટેન્સે સ્વિમ ઓપન સ્ટોકહોમ ખાતે પુરૂષ ૪૦૦ મીટર ફ્રીસ્ટાઈલ સ્વિમિંગમાં નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો છે. લુકાસ માર્ટેન્સ ત્રણ મિનિટ અને ૩૯ સેકન્ડનો અવરોધ તોડનાર સૌપ્રથમ સ્વિમર બન્યો છે. શનિવારે યોજાયેલી સ્પર્ધામાં લુકાસે ૩:૩૯:૯૬ના સમય સાથે પુરૂષ ૪૦૦ મીટર ફ્રીસ્ટાઈલ સ્વિમિંગ રેસ પૂર્ણ કરી હતી. આ સાથે જ લુકાસે ૦.૧૧ સેકન્ડથી જ જૂનો રેકોર્ડ તોડ્યો હતો. અગાઉ જર્મનીના જ સ્વિમર પૌલ બાઈડરમેને ૨૦૦૯માં વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો હતો જેને ૧૬ વર્ષ બાદ લુકાસ તોડવામાં સફળ રહ્યો હતો. બાઈડરમેને સુપર સ્યુટ પહેરીને આ રેકોર્ડ સર્જ્યો હતો જેના પર બાદમાં ૨૦૧૦માં પ્રતિબંધ લાગુ કરાયો હતો. ૨૪ વર્ષીય જર્મન સ્વિમર માર્ટેન્સે અગાઉ પેરિસ ઓલિમ્પિક્સમાં ૩:૪૧:૭૮ના સમય સાથે પુરૂષ ૪૦૦ મીટર ફ્રીસ્ટાઈલ તરણ સ્પર્ધામાં ગોલ્ડ જીત્યો હતો.

# સુરતનું ઈનોવેશન માટે પણ દેશમાં આગવું સ્થાન છે : વિજય મેવાવાલા

## ચેમ્બર દ્વારા સુરત સ્ટાર્ટઅપ સમિટ દરમિયાન સ્ટાર્ટઅપ માટે મહત્વના વિવિધ વિષયો પર પેનલ ડિસ્કશન યોજાઈ

સુરત, તા.૧૪

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ સેમિનાર હોલ–એ, સરસાણા, સુરત ખાતે વિવિધ વિષયો ઉપર પેનલ ડિસ્કશન યોજાઈ હતી, જેમાં વિવિધ કંપનીઓના સંસ્થાપકો, સીઈઓ અને શાર્ક ટેન્કના ફાયનાલિસ્ટોએ સુરતના ઉદ્યોગ સાહસિકોને ઉદ્યોગ – ધંધાઓમાં નવું સાહસ કરવાની દિશામાં માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, સુરત શહેર માત્ર ડાયમંડ અને કાપડના વેપાર માટે જ નહીં, પણ ઈનોવેશન એટલે કે નવીનતાઓ માટે પણ આજે આખા દેશમાં એક આગવું સ્થાન ધરાવે છે. સુરત એ દેશના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંથી એક છે. સુરત માત્ર પરંપરાગત ઉદ્યોગોમાં જ નહીં, નવી ટેક્નોલોજી, સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટિવ આઈડિયાઝના ક્ષેત્રે પણ આગળ વધી રહ્યું છે. અહીંના યુવાનો નવા વિચારો સાથે આગળ આવી રહ્યા છે, શહેરમાં Incubation Centers, Co-Wroking Space અને Startup Platfroms કાર્યરત છે, જે નવી પેઢીને પગલાં ભરવા પ્રેરણા આપે છે. સુરતની વિશેષતા એ છે કે, અહીં વિચારોને વાસ્તવિકતામાં લાવવા માટેની પૂરતી તકો, પ્લેટફોર્મ અને સપોર્ટ સિસ્ટમ ઉપલબ્ધ છે. અનલોકિંગ ગ્રોથ ઈન ઈ–કોમર્સ વિષય પર સવારે ૧૦:૩૦ કલાકે પેનલ ડિસ્કશન યોજાઈ હતી, જેમાં પેનલિસ્ટ તરીકે શ્રી કેતન પટેલ (OMS Guru), શ્રી હિરેન લાઠિયા (Sudathi) શ્રી મહેર પટેલ (Hectro. Ai), શ્રી પિયુષ ચિબ (Maple Monk)એ ઈ–કોમર્સ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકો પોતાના વ્યવસાયનો વ્યાપ વધારી શકે તે માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. આ પેનલ ડિસ્કશનમાં Easysell ના શ્રી સંદિપ કથીરિયાએ મોડરેટર તરીકેની ભૂમિકા ભજવી હતી. ’માસ્ટરક્લાસઃ ધ એઆઈ ફર્સ્ટ એપ્રોચ’ યોજાયો હતો, જેમાં વક્તા તરીકે Hashtech Venturesના શ્રી નયન ભેદાએ એઆઈનું બિઝનેસમાં મહત્વ વિશે જણાવતાં કહ્યું હતું કે, ભારતમાં એઆઈ ઈકોસિસ્ટમ ઝડપથી વધી રહી છે. હાલમાં ૪૦૦ થી વધુ એઆઈ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે. ભારતીય બિઝનેસમાં એઆઈ સ્વીકારવાથી કાર્યક્ષમતામાં ૩૦% નો વધારો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતમાં એઆઈનું બિઝનેસ માર્કેટ આશરે ૧૭ બિલિયન ડોલર સુધી પહોંચવાની સંભાવના છે. પુટિંગ આર્ટિફિશયલ ઈન્ટેલિજિન્સ ટુ વર્ક વિશેની પેનલ ડિસ્કશન યોજાઈ હતી, જેમાં શ્રી અર્જૂન કાવ , શ્રી ચિંતન પપૈયા અને સુશ્રી પ્રેરણા (Narola AI Studio) જેવા પેનલિસ્ટોએ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વમાં એઆઈને કાર્યશૈલીમાં ઉપયોગમાં લેતાં દેશોમાં ભારતના વિશ્વના ટોપ-૧૦ દેશોમાં સ્થાન ધરાવે છે. જે ક્ષેત્રમાં એઆઈનો ઉપયોગ કરવો છે, તે ક્ષેત્ર વિશે સૌપ્રથમ જ્ઞાન મેળવી લેવું જોઈએ. પેનલ ડિસ્કશનમાં શ્રી મનોજ આડવાણીએ (Narad.io) મોડરેટરની ભૂમિકા ભજવી હતી. ફ્રોમ આઈડિયા ટુ ઈન્વેસ્ટમેન્ટ વિશેનું પેનલ ડિસ્કશન બપોરે ૦૨:૧૫ કલાકે યોજાયું હતું. જેમાં પેનલિસ્ટ તરીકે સી.એ. નિરવ જોગાણી (Lemon Group), શ્રી ગૌરવ જુનેજા (CA Angel Investro), શ્રી મનિષ રાઠી (ઈર્દૃજ્ઞંદ્દીટ) અને સી.એ. મેહુલ શાહે (IVY Growth) ઉદ્યોગ સાહસિકોને ફંડ મેળવવાના વિકલ્પો વિશેની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપનું સ્ટેજ નક્કી કરે છે કે ફંડિગ આપવી જોઈએ કે નહીં? ફાઉન્ડર અથવા સ્ટાર્ટઅપકારે સૌથી પહેલા વિચારવું જોઈએ કે, કયા ઈન્વેસ્ટર પાસે ફંડિગ માટે વાત કરવી જોઈએ. ફાઉન્ડર પાસે માત્ર ડિગ્રી જ નહીં પણ એજ્યુકેશન સ્કિલ્સ હોવા પણ જરૂરી છે. આ પેનલ ડિસ્કશનમાં શ્રી નયન ભેદાએ (Hashtech Ventures) મોડરેટરની ભૂમિકા ભજવી હતી. સ્ટાર્ટઅપ પિચ અરેના/ ૮ સ્ટાર્ટઅપ વિશેની પેનલ ડિસ્કશન યોજાઈ હતી. જેમાં પેનલિસ્ટ તરીકે એન્જલ ઈન્વેસ્ટરો સી.એ. નિરવ જોગાણી (Lemon Group), શ્રી વિપુલ કપૂર, શ્રી જિજ્ઞેશ શાહ (JN Shah & Co.), સી.એ. ગૌરવ જુનેજા, શ્રી હિરેન કપાસિયાવાલા, શ્રી રવિન સંઘવી, શ્રી સતિષ સિંઘ અને શ્રી હિતેશ શાહ, શ્રી મનિષ રાઠી (Evolvex), સીએ મેહુલ શાહ (IVY Growth) અને શ્રી શ્રીમન નારાયણે (Lets Ventures) ઉદ્યોગ સાહસિકોને માહિતી આપી હતી. શાર્ક ટેન્ક ફાયનલિસ્ટો સાથે પેનલ ડિસ્કશન યોજાઈ હતી, જેમાં શ્રી યશ તરવાડી, સુશ્રી રાધિકા સુન્દરકા અને શ્રી રાકેશ સોમાણીએ સુરતના ઉદ્યોગ સાહસિકોને સંબોધિત કર્યું હતું. આ પેનલ ડિસ્કશનમાં શ્રી ચેતન કાનાણીએ મોડરેટરની ભૂમિકા ભજવી હતી. શાર્ક ટેન્ક ફાયનલિસ્ટોએ જણાવ્યું હતું કે, જ્યારે તમે ઈ–કોમર્સ પર બિઝનેસ કરો છો તો બિઝનેસ કોઈ પણ સ્થળેથી કરવામાં આવે બિઝનેસ પર અસર થતી નથી. ભારતના અન્ય શહેરોની તુલનામાં સુરત વધુ બિઝનેસ સપોર્ટિવ, કમ્ફર્ટેબલ અને પ્રોડક્ટ ઈફેક્ટીવ શહેર છે. સુરતમાં કર્મચારીઓ લાંબા સમય સુધી એક જ જગ્યાએ કાર્ય કરે છે. જેથી કર્મચારી રોટેશન ઓછું હોવાથી પ્રોડક્ટની ગુણવત્તા ટકી રહે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, માત્ર સુરતમાં જ દેશના કુલ ૬૦% સોલાર પેનલનું નિર્માણ થાય છે. સુરત હવે માત્ર ડાયમંડ અને ટેક્ષ્ટાઈલ તરીકે જ નહીં પણ સોલાર સિટી તરીકે પણ ખ્યાતનામ બની છે. ચેમ્બર ઓફ કોમર્સની સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન કમિટીના કો–ચેરમેન શ્રી પુનિત ગજેરાએ પેનલ ડિસ્કશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. પેનલિસ્ટો અને શાર્ક ટેન્કના ફાયનલિસ્ટો દ્વારા દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા અને ત્યારબાદ પેનલ ડિસ્કશનનું સમાપન થયું હતું.

# એસડીસીએની ચૂંટણીમાં સત્તાધારી પેનલની જીત



સુરત ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસો.ની ચૂંટણીમાં સત્તાધારી સ્ટેડિયમ પેનલના ૧૮ ઉમેદવારો ઉપરાંત હેમંતભાઈ કોન્ટ્રાક્ટર પેનલના ત્રણ ઉમેદવારો યેશા કોન્ટ્રાક્ટર, અક્ષરા કોન્ટ્રાક્ટર અને મહેક ગાંધીનો ભવ્ય વિજયી ઘોષિત થયા હતા. વિજેતા જાહેર થયેલા ઉમેદવારોની આ તસ્વીર છે.

# બીરસા મુંડા ટ્રાઈબલ યુનિ.માં ડો. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતીની ઉજવણી કરાઈ

રાજપીપળા, તા.૧૪

બીરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીમાં ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતી ની ઉજવણી કરાઈ

ભરત શાહ, નર્મદા : તા. ૧૪ આજરોજ બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી રાજપીપળા ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરજી ની જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી, કાર્યક્રમની શરૂઆતમાં સૌ વિદ્યાર્થીઓ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરજી ની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ.તૃષાલીબેન ડોડીયા દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરજી ના જીવન વિશેની વાતો કરી વિદ્યાર્થીઓ સમક્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકરજી જીવન ના વિચારો મુક્યા હતા. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી કુલપતિ ડૉ.મધુકરભાઈ પાડવી દ્વારા બાબાસાહેબ નું



જીવન સૌ માટે પ્રેરણા રૂપ રહેલું છે તેવો શુભેચ્છા સંદેશ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો, કાર્યક્રમ સફળ બનાવવા સૌ સ્ટાફ ગણ અને સૌ વિદ્યાર્થીએ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# અંકલેશ્વરમાં સુર્યનગરી એક્સપ્રેસનું સ્ટોપેજ આપવા યાત્રીઓની માંગણી

## ભરૂચ રેલવે સ્ટેશન અને અંધેરી ખાતે મહત્વની ટ્રેનના સ્ટોપેજ આપવા માટે રજૂઆત

ભરૂચ, તા.૧૪

ભરૂચ જિલ્લો ઔદ્યોગિક હબ તરીકે વિશ્વભરમાં ઓળખાય છે,અને ટ્રેન,રોડ,તેમજ અન્ય શહેરમાંથી હવાઈ યાત્રા થકી લોકો ઝડપી અને સારી મુસાફરી કરે છે, જોકે સ્થાનિક લોકોને મહત્વની ટ્રેનનું સ્ટોપેજ મળે તે માટે સાંસદ મનસુખ વસાવા સહિત ધારાસભ્યોને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લા ભાજપના માજી મહામંત્રી નરેશકુમાર બી.પટેલ દ્વારા સાંસદ મનસુખ વસાવા તેમજ ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, અરૂણસિંહ રણા, ઈશ્વરસિંહ પટેલ તેમજ ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીને સંબોધન કરીને એક રજૂઆત કરતો પત્ર લખવામાં આવ્યો છે,જેમાં જણાવવામાં આવ્યું છે કે મુંબઈ થી અમદાવાદ અને અમદાવાદ થી મુંબઈ તરફ દોડતી શતાબ્દી એકપ્રેસનું સ્ટોપેજ મુંબઈના અંધેરી ખાતે આપવામાં આવે,જેના કારણે અંધેરી એરપોર્ટ સાથે અંધેરી રેલવે સ્ટેશનની કનેક્ટિવિટી વધે અને યાત્રીઓ માટે સુવિધાજનક અને સરળતા બની રહે. આ ઉપરાંત તેજસ એક્સપ્રેસ ટ્રેન નંબર ૧૨૯૫૩ અને ૧૨૯૫૪ ટ્રેનનું સ્ટોપેજ અગાઉ અંધેરી રેલવે મથક પર હતું જ પરંતુ કોરોના કાળમાં આ સ્ટોપેજને બંધ કરવામાં આવ્યું હતું,વધુમાં તેજસ એક્સપ્રેસ ટ્રેન નંબર ૮૨૯૦૧ અને ૮૨૯૦૨નું સ્ટોપેજ પણ અંધેરી રેલવે સ્ટેશન ખાતે આપી શકાય તેમ છે કારણ કે આ સમય દરમિયાન લોકલ ટ્રેનનો ટ્રાફિક પણ રેલ વ્યવહારને નડતો નથી.તેથી તેજસ એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ અંધેરી ખાતે આપવા માટે રજૂઆત કરવામાં આવી છે. વધુમાં નરેશકુમાર પટેલની રજૂઆતમાં મુંબઈથી અમદાવાદ અને અમદાવાદથી મુંબઈ તરફ દોડતી વંદે ભારત ટ્રેનનું સ્ટોપેજ પણ ભરૂચ રેલવે સ્ટેશન ખાતે આપવા માટે રજૂઆત કરવામાં આવી છે.જ્યારે અંકલેશ્વર પણ રેલ કનેક્ટિવિટી માટે એક મહત્વનું સ્થળ ગણાય છે,અગાઉ અંકલેશ્વર રેલવે સ્ટેશન ખાતે સૂર્યનગરી એક્સપ્રેસનું સ્ટોપેજ આપવામાં આવ્યું હતું,પરંતુ તેનું સ્ટોપેજ બંધ કર્યા બાદ રેલયાત્રી માટે અસુવિધા ઉભી થઇ છે,તેથી સૂર્યનગરી એક્સપ્રેસનું અંકલેશ્વરમાં સ્ટોપેજ શરૂ કરવા માટે પણ રેલ યાત્રીઓમાં માંગ ઉઠી છે.

### પોરબંદરના દરિયામાંથી
પહેલા પાનાનું ચાલુ

વિમાનોને તહેનાત કર્યા હતા.૩૦૦ કિલો મેફેડ્રોન (MD) ડ્રગ્સ જપ્ત કોસ્ટ ગાર્ડ અને ATSનું ઓપરેશન મોડી રાત સુધી ચાલુ રહ્યું. કોસ્ટ ગાર્ડની સ્પીડ બોટ અને જહાજોએ શંકાસ્પદ બોટને ઘેરી લીધી હતી અને ત્યાર બાદ તેને પકડી લીધી. ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચેના દરિયાઈ વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા (IMBL) નજીક ૧૩ એપ્રિલની રાત્રે બોટને અટકાવવામાં આવી હતી.જોકે, બોટની રાષ્ટ્રીયતા અને ક્રૂની માહિતી હજુ સુધી સત્તાવાર રીતે શેર કરવામાં આવી નથી. ગુજરાત ડ્રગ્સ દાણચોરીનું પ્રવેશદ્વાર બની ગયું છે ગુજરાત અને મહારાષ્ટ્રના દરિયાઈ વિસ્તારો ડ્રગ્સની દાણચોરી માટેનો મુખ્ય માર્ગ બની ગયા છે.તાજેતરના વર્ષોમાં, ICG અને ICGએ અનેક સંયુક્ત કામગીરીમાં મોટી માત્રામાં માદક દ્રવ્યો જપ્ત કર્યા છે. ગયા વર્ષે, એપ્રિલ ૨૦૨૪માં, ICGએ પોરબંદર કિનારા નજીક એક પાકિસ્તાની બોટમાંથી ૮૬ કિલો ડ્રગ્સ (૬૦૦ કરોડ રૂપિયાની કિંમત) જપ્ત કર્યું હતું અને ૧૪ પાકિસ્તાની ક્રૂ સભ્યની ધરપકડ કરી હતી.ફેબ્રુઆરી ૨૦૨૪માં, ભારતીય નૌકાદળ અને દ્ગઝ્રમ્ એ પોરબંદર નજીક ૩૩૦૦ કિલો ડ્રગ્સ (૩૦૮૯ કિલો હશીશ, ૧૫૮ કિલો મેથામ્ફેટામાઇન અને ૨૫ કિલો મોર્ફિન) જપ્ત કર્યું. તેમની કિંમત ૧૩૦૦થી ૨૦૦૦ કરોડ રૂપિયા હતી.

ફેબ્રુઆરી ૨૦૨૪માં કોસ્ટગાર્ડ, NCB અને ATSએ અરબી સમુદ્રમાંથી રૂ. ૬૦૦ કરોડનો ૮૬ કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપ્યો હતો. ડ્રગ્સના જથ્થા સાથે ૧૪ પાકિસ્તાનીને પણ ઝડપ્યા હતા.પોરબંદર પાસે ભારતીય બોટમાંથી ૧૭૩ કિલો ડ્રગ્સ સાથે બે શખસ ઝડપાયા હતાં.

### દેશના
પહેલા પાનાનું ચાલુ

લોકો એપ્રિલ મહિનામાં જ લુ ફુંકાવાનો સામનો કરી રહ્યા છે. ૨૦૧૧ પછી, ૨૦૨૨માં ૮ થી ૧૧ એપ્રિલ સુધી દિલ્હીમાં લુ ફુંકાઈ હતી. આ વખતે દિલ્હી-એનસીઆરમાં, લોકો એપ્રિલમાં ભારે ગરમીનો સામનો કરી રહ્યા છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જો મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ હોય અથવા સામાન્ય કરતા ૪.૫ ડિગ્રી વધુ હોય, તો તેને લુ ફુંકાવાની સ્થિતિ માનવામાં આવે છે. જ્યારે તાપમાન સામાન્ય કરતા ૬.૫ ડિગ્રી વધારે હોય ત્યારે તીવ્ર ગરમી માનવામાં આવે છે. અત્યાર સુધીમાં મહત્તમ તાપમાન ઘણી વખત સામાન્ય કરતા ૪.૫ ડિગ્રી ઉપર ગયું છે.

### આતંકવાદી
પહેલા પાનાનું ચાલુ

સંપર્કમાં હતો. આમ તેની આ વાતચીત ૨૬/૧૧ના હુમલા સમયે અમેરિકી એજન્સીઓએ આંતરી હતી તે પણ ભારતને પુરી પડાઈ હતી. હવે તેમાં રાણાનું વોઈસ સેમ્પલ લેવાશે. તેમાં ગુજરાતની ફોરેન્સીક લેબોરેટરીની ભૂમિકા મહત્વની છે.

દેશની આ એકમાત્ર ફોરેન્સીક યુનિ. આ પ્રકારે વોઈસ સેમ્પલમાં મેચીંગ કરવામાં પ્રથમ ક્રમે છે અને રાણાને ગુજરાત આ વોઈસ સેમ્પલીંગ માટે લઈ આવવામાં આવશે. તેના પાક અને ખાસ કરીને દાઉદ ઈબ્રાહીમ સાથેના કનેકશન ખોલાશે.

### બેંક ફ્રોડનો
પહેલા પાનાનું ચાલુ

આ દેશની સરકાર સમક્ષ મેહુલ ચોકસીની ક્રાઈમ કુંડળી રજુ કરી તે આ દેશ છોડી જાય તે પુર્વે તેની ધરપકડ કરીને પ્રત્યાર્પણના માર્ગે ભારતને સુપ્રત કરવાની રજુઆત કરતા જ હાલ ચોકસીની ધરપકડ કરીને તેને બેલ્જીયમની જેલમાં મોકલી અપાયા છે.હવે તેના પ્રત્યાર્પણની કામગીરી શરૂ થશે. મેહુલ ચોકસી અને તેના ભાણેજ નિરવ મોદીએ પંજાબ નેશનલ બેન્ક સાથે રૂા.૧૫૦૦ કરોડનું બેન્ક ગેરેન્ટી ફ્રોડ કર્યો હતો.જેમાં બેન્કના અધિકારીઓની પણ સંડોવણી બહાર આવી છે. જે કેસમાં હાલ સજા પણ થઈ ચૂકી છે પણ મેહુલ ચોકસી તથા નિરવ મોદી તે પુર્વે કુટુંબ સાથે દેશ છોડીને નાસી જતા તેઓની ધરપકડ શકય બની ન હતી. નિરવ મોદી લંડનમાં છે અને તેના પ્રત્યાર્પણની પણ કાનૂની લડાઈ ભારત સરકાર આપી રહી છે.મેહુલ ચોકસી કેરેબીયન ટાપુમાં રોકાણકાર બનીને રોકાયો હતો અને પછી આ દેશની નાગરિકતા પણ મેળવી ખુદને સલામત સમજતો હતો અને તે દેશના પાસપોર્ટના આધારે આસપાસના દેશોમાં સફર કરતો હતો. માનવામાં આવે છે કે તે સ્વાસ્થ્યના ઈલાજ માટે બેલ્જીયમ પહોંચ્યો હતો.

### હવાઈ યાત્રામાં
પહેલા પાનાનું ચાલુ

આ ફેરફાર ત્રણ વર્ષમાં લાગુ થઈ શકે છે.હાલમાં ઉડાન ભરવા માટે યાત્રીઓએ ચેક ઈન કરવાનું હોય છે જે ઓનલાઈન કે ઓફલાઈન વિમાન મથકે પહોંચ્યા બાદ કરવામાં આવી શકે છે. ત્યારબાદ તેમને બારકોડની સાથે બોર્ડ’ગ પાસ યાત્રી દ્વારા પૂરા એરપોર્ટમાં અનેક જગ્યાએ સ્કેન કરવામાં આવે છે.વિમાનમાં ચડતા પહેલા ગેટ પર પણ સ્કેન કરવાનું હોય છે. આ ઉપરાંત તેણે પાસપોર્ટ કે અન્ય ઓળખપત્રથી સબંધિત દસ્તાવેજો સાથે રાખવાનાં હોય છે.શું ફાયદો થશે?વિમાન મથકો પર સુરક્ષા તપાસની પ્રક્રિયામાં ઓછો સમય લાગશે.યાત્રીઓને કારણ વિના કલાકો સુધી કાઉન્ટર પર રાહ નહિં જોવી પડે. ભીડવાળા વિમાન મથકો પર યાત્રા સરળ બનશે.

### બલુસ્તિાનમાં
પહેલા પાનાનું ચાલુ

અને ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનના કાર્યકાળ દરમિયાનના નિવેદનોને કારણે પાકિસ્તાનના અમેરિકા સાથેના સંબંધો નબળા પડ્યા છે. સેના આ સોદા દ્વારા સંબંધોને મજબૂત બનાવવા માંગે છે.છેલ્લા ૫ વર્ષોમાં ખનિજોના ભૂરાજનીતિમાં પરિવર્તન આવ્યું છે, જે ઇલેક્ટ્રિક વાહનોની વધતી માંગ સાથે જોડાયેલું છે. ૨૦૪૦ સુધીમાં લિથિયમ, કોબાલ્ટ, કોપર જેવા બેટરી ખનિજોની માંગ ચાર ગણી વધી જશે. યુએસ આર્મી તેમના સૌથી મોટા ખરીદદાર તરીકે ઉભરી આવી છે. તેના ડ્રોન, રિકોનિસન્સ રોબોટ્સ અને ઊર્જા આધારિત શસ્ત્રો સંપૂર્ણપણે બેટરી પર આધારિત છે. વિશ્લેષક એલિયાસના મતે ૨૦૨૭ સુધીમાં યુએસ આર્મી તેના બિન-લડાઇ કાફલાને સંપૂર્ણપણે બેટરી સંચાલિત વાહનોમાં રૂપાંતરિત કરવાની યોજના ધરાવે છે.

### ખેરગામના બાંધકામના
પેજ-૨ પાનાનું ચાલુ

તપાસની માંગ કરી હતી.અરજીમાં જણાવ્યા મુજબ ગત વર્ષે અગાઉ પણ તા. ૧૬/૦૫/ ૨૦૨૪ના રોજ આશરે ૪૫ જેટલી સેન્ટીગ પ્લેટ અહીંથી ચોરાય ગયેલ હતી જેની ખેરગામ પોલીસમાં ફરિયાદ અરજી આપી હતી.બીજી વાર હમો અરજદારના ત્યાં ચોરી થવા પામી છે.આ વખતે બીજીવાર ચોરી થતા યોગ્ય કાર્યવાહી કરી હમારી ચોરાયેલી વસ્તુ મેળવી આપી કાયદાની રાહે યોગ્ય પગલા ભરવા માંગ કરી હતી.

### ૧૪ પ્રાથમિક
પેજ-૨ પાનાનું ચાલુ

માવાણીના વરદહસ્તે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સમગ્ર શિક્ષા વિભાગ અંતર્ગત અંદાજિત રૂ.૪૨.૦૬ કરોડના ખર્ચે વિવિધ સાકારિત થનાર કુલ -૧૪ પ્રાથમિક શાળાઓના ૦૯ ભવનોનુ ખાતમુહૂર્ત તથા ડિજિટલ તકતીની અનાવરણવિધિ શાળા નં. ૧૧/ ૧૨,કાપડિયા હેલ્થ કલબની પાછળ ,અંબાનગર, સુરત ખાતેથી કરવામાં આવી. જેમાં ઉધના-એ ઝોનમાં બી.આર.સી.સામે વિકાસ કોલોની ઉધના,સુરત ખાતે ડૉ. રાજેન્દ્ર પ્રસાદ પ્રા.શા નં.૨૦૪ અને પંડિત મદનમોહન માલવિયા પ્રા.શા નં.૨૦૫ની, ઉધના-બી ઝોનમાં ઉધના બી ઝોન ઓફિસની સામે ,ગુજરાત હાઉસીંગ બોર્ડ,કનકપુર,સુરત ખાતે કનકપુર હિન્દી પ્રા.શા નં.૩૬૯ અને કનકપુર ઉડિયા પ્રા.શા નં.૩૭૦,લિંબાયત ઝોનમાં કોળીવાડ ફળિયું,મુ.પો. કુંભારિયા, સુરત ખાતે કુંભારિયા પ્રા.શા.નં.૩૬૪- અને જનાબ દાગ દેલ્હવી પ્રા. શા. નં.૨૬૯ તથા મ્યુ. ટેનામેન્ટ પાસે,ડુંભાલ,સુરત ખાતે સંત તુલસીદાસ પ્રા.શા.નં.૧૬૯, અઠવા ઝોન વિસ્તારમાં પીપલોદ ગામતળ, સુરત ખાતે શ્રી વાસુદેવ સ્માર્ત પ્રા.શા. નં.૪ અને કાપડિયા હેલ્થ સેન્ટર પાછળ, અંબાનગર,સુરત ખાતે શ્રી દિવાન બહાદુર ચુનીલાલ માણેકલાલ ગાંધી પ્રા.શા. નં.૧૧ અને રામકૃષ્ણ પરમહંસ પ્રા.શા. નં.૧૨ , રાંદેર ઝોનમાં ભિક્ષુક ગૃહની સામે,વોર્ડ ઓફિસની બાજુમાં, રામનગર,રાંદેર રોડ ,સુરત ખાતે શ્રી ઠાકોરભાઇ મિસ્ત્રી પ્રા.શા. નં.૧૬૭ અને ભગિની નિવેદિતા પ્રા.શા.નં.૧૬૮ તેમજ નિશાળ મહોલ્લો, મુ.પો.ભાઠા,સુરત ખાતે ભાઠા પ્રા.શા. નં.૩૯૨ અને સડક મહોલ્લો,મુ.પો. ઈચ્છાપોર,સુરત ખાતે ઈચ્છાપોર -૧ પ્રા.શા. નં.૩૯૩ સહિતની કુલ ૯ પ્રાથમિક શાળા ભવનનો સમાવેશ થાય છે. સદર પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી,હિન્દી, ઉર્દુ, ઉડિયા માધ્યમમાં શિક્ષણની સુવિધા તથા ૨૪૧ ઓરડા સાકારિત થવાથી અંદાજિત કુલ ૫૩૮૧ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધા પ્રાપ્ત થશે. સદર કાર્યક્રમમાં માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.ધારાસભ્ય શ્રી મનુભાઇ પટેલ, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્રભાઇ પાટીલ,માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન. દંડક શ્રી ધર્મેશભાઇ વાણીયાવાલા,માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન.નગર પ્રાથમિક સમિતિના અધ્યક્ષ તથા સદસ્યશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ, શાળાના વિધાર્થીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારી,કર્મચારીઓ તથા અન્ય મહાનુભવો મળી બહોળી સંખ્યામાં લોકો સહભાગી બન્યા હતા.

### સુરતમાં શ્રીપીપાજી
પેજ-૨ પાનાનું ચાલુ

કર્ણિદાન ગોયલ, ગણેશ ગડગુજર, ગૌતમ ગોયલ, નેમીચંદ સોલંકી, આનંદ સોલંકી, જીતુ સોલંકી, સંતોષ ગોયલ, સ્વરૂપ ચૌહાણ, રામનિવાસ ચૌહાણ, પ્રેમ કછવા, નંદકિશોર વાઘેલા, બેનલાલ ચૌહાણ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ જન્મજયંતિની ઉજવણીમાં. અનિલ સોલંકી, રોહિત સોલંકી, વિરેન્દ્ર છાપર, આનંદ ચૌહાણ, કન્હૈયાલાલ સોલંકી, રવિ રાઠોડ, અખિલ ચૌહાણ, હેમરાજ, રામપ્રકાશ ચૌહાણ, સહિત સમાજના પ્રતિષ્ઠિત લોકો હાજર રહ્યા હતા અને પ્રસાદ વિતરણ સાથે સમાપન થયું. બધા ભક્તોએ પ્રસાદ લીધો અને ગુરુદેવના આશીર્વાદ લીધા.

### સુરત આવેલા
પેજ-૨ પાનાનું ચાલુ

સંતોષ સિંહ સાથે ટેલિફોન પર વાત કરી અને ઉપરોક્ત સુવિધા શક્ય તેટલી વહેલી તકે શરૂ કરવાની ખાતરી આપી. પટના માટે ટ્રેન અને ફ્લાઇટ સુવિધાઓ માટે માનનીય કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી નિત્યાનંદ રાયને એક આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. માનનીય મંત્રીશ્રીએ ખાતરી આપી કે તેઓ અને માનનીય કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલજી, સુરતથી વારાણસી થઈને પટના સુધી શક્ય તેટલી વહેલી તકે ફ્લાઇટ સુવિધા પૂરી પાડવાનો પ્રયાસ કરશે.

### ચેમ્બરના સ્માર્ટ
પેજ-૨ પાનાનું ચાલુ

વિદ્યાર્થીઓ અને વાલીઓને બાળકોને સારામાં સારી કઇ સ્કૂલ – કોલેજમાં ભણાવી શકાય તેની સાથે સાથે વિદેશોની કોલેજો અને યુનિવર્સિટીઓની પણ માહિતી એકજ છત નીચે મળી હતી.

આ ઉપરાંત સુરત સ્ટાર્ટઅપ સમિટ દરમિયાન પિચ સેશન, પ્રોડકટ ડેમો અને પ્રેરણાદાયક પેનલ ડિસ્કશન યોજાઇ હતી, જેમાં શાર્ક ટેન્ક ઇન્ડિયા શોમાં પસંદ થયેલા પ્રેરણાદાયક સ્ટાર્ટઅપ્સ દ્વારા સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એઆઇ નિષ્ણાતો અને એઆઇ આધારિત સ્ટાર્ટઅપ્સ એઆઇ ફર્સ્ટ અભિગમ, એઆઈની વ્યવસાયિક કામગીરી અને ટેક પરિપ્રેક્ષ્યમાં થયેલા ઈનોવેશનના ડેમો રજૂ કરવામાં આવ્યા હતા.

### કનસાડમાં ફ્લડ
પેજ-૨ પાનાનું ચાલુ

અંતર્ગત રેઈન વોટર હાર્વેસ્ટીગ કરી મહામૂલા પાણીનો બચાવ કરવાનું અભિયાન આજે જનઆંદોલન બન્યું છે. ચોર્યાસી તાલુકામાં જન ભાગીદારીથી ૨૭,૩૦૦થી વોટર રિચાર્જ હાર્વેસ્ટિંગના કામો પ્રગતિ હેઠળ છે. આ પ્રસંગે ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પીવાના પાણી, આરોગ્ય, ફાયર સહિત રોડ-રસ્તાના વિકાસકામોનો સ્થાનિક જનતાને મળી રહ્યો છે. ચોમાસા દરમિયાન મીઢોળા નદીમાં પુરના પાણીથી થતા જમીન ધોવાણની સમસ્યાનું આજે નિરાકરણ આવ્યું છે. આવનાર સમયમાં તાપી નદી ઉપર રૂ. ૧૦૦૦ કરોડના ખર્ચે બેરેજ ડેમ બનશે, જે દક્ષિણ ગુજરાતનો જળ આપૂર્તિનો નવતર અને મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે.

શ્રી દેસાઈએ ઉમેર્યુકે, ચોર્યાસી અને ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના અનેક ગામોમાં અગાઉ પીવાના પાણીની વિકટ સમસ્યા હતી. જ્યારે હવે પીવાના પાણીની માટે રૂ.૧૦૦ કરોડથી વધુના કામો પ્રગતિ હેઠળ છે. આવનાર સમયમાં ઔદ્યોગિક વિસ્તારમાં આવતા ૧૧ ગામોને પાણી મળશે. સુરત મનપા દ્વારા ૮.૧૭ કરોડના ખર્ચે તળાવની પણ મંજૂરી મળી છે. વધુમાં ધારાસભ્ય સંદિપભાઈએ વધુમાં કહ્યું હતું કે, ચોર્યાસી તાલુકામાં સ્ટ્રીટ લાઈટ અને રોડ રસ્તાની પહોળાઈ વધવાથી ટ્રાફિકની સમસ્યા દૂર થશે. આરોગ્યની સુવિધામાં વધારો કરવા સચિનમાં આવનાર સમયમાં ૫૦ બેડની હોસ્પિટલ સાકારિત થશે. તદ્દઉપરાંત ફાયર બ્રિગેડની સુવિધા ઉપલબ્ધ થશે. ચોર્યાસી વિધાનસભા મતવિસ્તારમાં કેન્દ્ર અને રાજય સરકારના વિવિધ વિભાગોના અંદાજિત રૂ.૧૮૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યો તબક્કાવાર મંજૂર થયા છે. સચિનથી નવસારી સુધી છ લેનના રોડ માટે રૂ.૬૦૦ કરોડ મંજૂરી મળી છે. ટૂંક સમયમાં સચિનમાં ય્ઈમ્ની ઓફિસ કાર્યરત થશે જેથી વિજળીને લગતી કામગીરી માટે દૂર નહી જવું પડે એમ તેમણે ઉમેર્યું હતું. નોંધનીય છે કે, રૂ.૨૦ કરોડના ખર્ચે મીઢોળા નદીના જમણા કિનારા પર ગેબિયન ફ્લડ પ્રોટેક્શન વોલ, કનસાડ મુખ્ય ડ્રેઈન પર રૂ.૭૨.૦૨ લાખના ખર્ચે હયાત આર.સી.સી. બોક્ષ કલ્વર્ટસનું રિનોવેશન, કનસાડ ગામ પાસે એરથાણ સચિન પાલી ડ્રેઈન પર રૂ.૫૧.૫૭ લાખના ખર્ચે હયાત આર.સી.સી. બોક્ષ કલ્વર્ટસનું રિનોવેશનની ખાતમુહૂર્ત-તકતીઓનું અનાવરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોર્પોરેટર સર્વશ્રી પિયુષાબેન પટેલ, રિનાબેન રાજપૂત, ચિરાગ સોલંકી, હસમુખભાઈ, સુરત ડિસ્ટ્રીકટ કો. બેંકના ચેરમેન બળવંત પટેલ, ચલથાણ સુગર ફેક્ટરીના ચેરમેન કેતન પટેલ, APMCના વાઈસ ચેરમેન હર્ષદભાઈ, સિંચાઈ વિભાગના અધિક ઈજનેર એસ.બી. દેશમુખ, અગ્રણી કિશનભાઈ, સિંચાઈ વિભાગના અધિકારી-કર્મચારીઓ, સંગઠન હોદ્દેદારો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ત્રીજા પાનાનું ચાલુ
### લીંબાયતમાં શ્રમજીવીના

માલ બાકી રહ્ના હતો. ત્યારબાદ તેઓ રૂમનો દરવાજા અને બારી બંધ કરી સુઈ ગયા હતા. અને છ વાગ્યે જગ્યા ત્યારે દરવાજા અને બારી ખુલ્લા હતા અને સાડીઓ વીખરાયેલી હતી. જેમાંથી ૩૬ તૈયારશ્વ અને ૨૦ સાડીશ્વનો કાચો માલ ચોરાયો હોવાનુ બહાર આવ્યું હતું. બનાવ અંગે લિંબાયત પોલીસે કલીમ અંસારીની ફરિયાદ લઈ તપાસ શરુ કરી છે.


### પાનોલીની કંપનીમાં

બોર્ડ અને પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. કંપની તરફ જતાં તમામ માર્ગો કોર્ડન કરી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને સમગ્ર પ્લાન્ટ આગની ચપેટમાં આવી ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમને લગભગ છથી સાત કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. સદનસીબે આ બનાવવામાં કોઈ જાનહાની થઈ ન હતી. બંને કંપનીના સ્ટોરેજ એરિયામાં આગ લાગી હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. તો આગના કારણે કંપનીઓને કરોડોનું નુકસાન પહોંચ્યું હોવાનું આનુમાન છે. જો કે, આગ લાગવાનાં કારણો અને નુકસાનનો અંદાજ હજુ મેળવવાનો બાકી છે. અંકલેશ્વરના પાનોલીમાં લાગેલી આગના આકાશી દશ્યો સામે આવ્યા છે. જેમાં જોઇ શકાય છે કે, દૂર દૂર સુધી જ્યાં જુઓ ત્યાં અગન જ્વાળા અને ધુમાડા જ નજરે પડી રહ્યા છે. જલ એક્વા અને બી.આર.એગ્રો કંપનીમાં આગનું તાંડવ જોવા મળ્યું હતું.

આગના બનાવ અંગે બી.આર. એગ્રો કંપનીના એચ.આર. હેડ હિતેશ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, બાજુમાં આવેલી જલ એક્વા નામની કંપનીમાં આગ લાગી હતી. જે બાદ તે આગ ફેલાઈને તેઓની કંપનીના વેરહાઉસમાં પહોંચી હતી. જેના પગલે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. કંપની દ્વારા નાઈટ શિફ્ટમાં કર્મચારીઓ રાખવામાં આવતા નથી, આથી જાનહાની અટકી હતી. આગ ઓલવવા ૧૫થી વધુ ફાયર ફાઈટરનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર




## ગુજરાત સરકાર ઉજવી રહી છે ભારતના બંધારણના અંગીકરણના ૭૫ વર્ષ



# બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરને જન્મજયંતી નિમિત્તે કોટિ-કોટિ વંદન

"સમાજમાં સમાનતા લાવવી એ ન્યાયનું કાર્ય છે"
- ડૉ. બાબાસાહેબ આંબેડકર




**સૌને માટે ઘરનું ઘર:** ડૉ.આંબેડકર આવાસ યોજનામાં હાલમાં આપવામાં આવતી **₹ ૧.૨૦ લાખ**ની સહાયમાં **₹ ૫૦ હજાર** જેટલી માતબર રકમનો વધારો કરી કુલ **₹ ૧.૭૦ લાખ** કરવામાં આવી

**શિક્ષણ સાથે સમરસતા કેળવાય તે માટે સમરસ છાત્રાલયો:** હાલમાં ૧૧ સ્થળોએ ૨૧ સમરસ છાત્રાલયો કાર્યરત, વર્ષ ૨૦૨૫-૨૬માં ૯ સમરસ કન્યા છાત્રાલયો અને ૧૧ સમરસ કુમાર છાત્રાલયો એમ **કુલ ૨૦ નવા સમરસ છાત્રાલયો** બાંધવામાં આવશે

**સરકારી છાત્રાલયો:** વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૬ સરકારી કન્યા અને કુમાર છાત્રાલયો બાંધવા માટે **₹ ૨૨.૭૪ કરોડ**નો ખર્ચ કરાશે

**નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત બાળકોને ગણવેશ:** નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર રચાયેલ બાલવાટિકામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને ૩ જોડી ગણવેશ ખરીદવા **₹ ૯૦૦**ની સહાય

**ઉચ્ચ શિક્ષણ માટે સાધન સહાય:** ડિપ્લોમા/ડિગ્રી એન્જિ./મેડિકલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી સહાયમાં **₹ ૨૦૦૦** થી લઈ **₹ ૫૦૦૦** સુધીનો વધારો, તેમજ ખાસ પ્રોત્સાહક સહાય હેઠળ ધો. ૧૦ અને ધો. ૧૨માં **₹ ૫૦૦૦** થી લઈ **₹ ૨૦,૦૦૦** સુધીનો વધારો

**બેંક મારફત લીધેલી લોન પર સબસિડી સહાય:** અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના નિગમો મારફત અપાતી લોન ઉપરાંત બેંક મારફતે વાહન, સ્વરોજગારી યોજના તથા ભારત અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બેંક મારફતે લીધેલ લોન પર **પુરુષો માટે ૬%** અને **મહિલાઓ માટે ૭%** વ્યાજ સબસિડી

**ગણવેશ સહાય:** આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી ₹ ૯૦૦ની સહાયમાં ₹ ૬૦૦નો વધારો કરી **₹ ૧૫૦૦** આપવામાં આવશે

**દેશના રક્ષણ કાજે યુવાનો સૈન્યમાં જોડાય તે માટે અનુસૂચિત જાતિના યુવાનો માટે અગ્નિવીર તાલીમ**

**અનુસૂચિત જાતિના કલ્યાણ માટે ₹૧૨૬૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે**

અનુસૂચિત જાતિ સમુદાયનાં વ્યક્તિઓના વિરૂદ્ધ અત્યાચાર નિવારણ માટે **હેલ્પલાઈન નંબર -૧૪૫૬૬** થી સહાય મેળવી શકાશે



## વંચિતોના વિકાસ માટેની વણથંભી વિકાસયાત્રા...

**અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટેની**
વિવિધ કલ્યાણકારી યોજનાઓ માટેની જાણકારી
**www.mariyojana.gujarat.gov.in**
પરથી મેળવી શકાશે.

વંચિત સમુદાયના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

**- શ્રીમતી ભાનુબેન બાબરીયા,** મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, ગુજરાત સરકાર